Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Rg. N. B. 431.

श्रीमद्विजयानन्दसूरि सद्गुरुभ्यो नमः

श्री

# आत्मानन्द प्रकाश.

शार्दूलविक्रीडितवृत्तम् ॥

मग्नान्संसृतिवारिधौ हतसुखान्दृष्ट्वा जनानां व्रजान्
तानुद्धर्तुमना दयार्द्रहृदयो रुध्वेन्द्रियाश्वान् जवात्
जन्तून्मा जहि ज्ञानतः प्रशमय क्रोधादिशत्रूनिति
'आत्मानन्द प्रकाश' मादिशदसौ जीयाज्जिनेंद्रः प्रभुः ॥१॥

पु. १९. | वीर सं. २४४८ फाल्गुन आत्म सं. २६ | अंक ८ मो.

प्रकाशक—श्री जैन आत्मानन्द सभा—भावनगर.

## વિષયાનુક્રમણિકા.


| વિષય. | પૃષ્ઠ. | વિષય. | પૃષ્ઠ. |
|---|---|---|---|
| ૧ પ્રભુ સ્તુતિ. ... | ૧૮૯ | ૬ રાષ્ટ્રીય શાળાના અભ્યાસક્રમની રૂપરેખા... ... | ૨૦૨ |
| ૨ જૈન ઐતિહાસિક સાહિત્ય. ... | ૧૯૦ | ૭ શ્રી મહાવીર પ્રભુ જન્મોત્સવ.... | ૨૦૫ |
| ૩ શ્રાવકની કરણીનું રહસ્ય. ... | ૧૯૪ | ૮ દઢ ઇચ્છા શક્તિ. ... | ૨૦૬ |
| ૪ સદ્વર્તનની ઉચ્ચતા દર્શન ... | ૧૯૮ | ૯ સમયના પ્રવાહમાં ... | ૨૧૦ |
| ૫ શુદ્ધ વિચાર અને વર્તન. ... | ૧૯૯ | | |


વાર્ષિક મૂલ્ય રૂ. ૧) ટપાલ ખર્ચ આના ૪.

આનંદ પ્રીન્ટીંગ પ્રેસમાં શાહ ગુલાબચંદ લલ્લુભાઇએ છાપ્યું—ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જલદી મંગાવો. ઘણીજ થોડી નકલો સીલીકે છે. જલદી મંગાવો.

## " જૈન પાઠશાળા, કન્યાશાળા અને પ્રકરણના અભ્યાસીઓને ખાસ લાભ. "

જૈનપાઠશાળામાં અભ્યાસ કર્તા જૈન બાળકો અને કન્યાઓ તથા પ્રકરણના અભ્યાસીઓને માટે પ્રકરણોના ત્રણ ગ્રંથો જે મૂલ અવચૂરિ સંસ્કૃતમાં અને ભાષાંતર ગુજરાતીમાં પ્રસિદ્ધ કરવામાં આવેલ છે. જૈનશાળામાં પ્રતિક્રમણ પૂર્ણ થયા પછી જે પ્રકરણ પ્રથમ ચલાવવામાં આવે છે તે ૧ જીવ વિચાર વૃત્તિ, ૨ નવતત્ત્વ અવચૂરિ, ૩ તથા દંડક વૃત્તિ તે આ ત્રણે છે. તે પ્રગટ કરવામાં એવી રીતે આવેલ છે કે, મૂળ સાથે નીચેજ મૂળનું અને અવચૂરિ સાથે નીચેજ અવચૂરિનું ગુજરાતીમાં ભાષાંતર આપવામાં આવેલ હોવાથી તેમજ ભાષાંતર પણ શબ્દ અને અક્ષરસહ સરલ અને સ્ફૂટ રીતે આપવામાં આવેલ હોવાથી લઘુ વયના બાળકો અને કન્યાઓને તે મોઢે કરવા કે અર્થ સમજવા બહુજ સુગમ પડે તેમ છે, શૈલી એવી રાખેલ છે કે વગર માસ્તરે પણ શીખી શકાય તેમ છે. જૈનપાઠશાળા કન્યાશાળાઓમાં ખાસ ચલાવવા જેવા છે. તેને માટે વધારે લખવા કરતાં મંગાવી જોવાથી વધારે ખાત્રી થાય તેમ છે.

જૈનપાઠશાળા કન્યાશાળા માટે મંગાવનારને ઘણીજ ઓછી કિંમતે ( જુજ કિંમતે ) માત્ર ધાર્મિક (કેળવણી) શિક્ષણના ઉત્તેજન માટે આપીશું. ધાર્મિક પરિક્ષા કે બીજા ઈનામના મેળાવડામાં ઇનામ માટે મંગાવનારને પણ અલ્પ કિંમતે આપીશું.

અન્ય માટે પણ મુદ્દલ કરતાં ઓછી કિંમત રાખવામાં આવેલ છે.

૧ નવતત્ત્વનો સુંદર બોધ-પાકી કપડાની બાઈંડીંગ રૂા. ૦-૮-૦ આઠ આના.
કાચું બાઇંડીંગ માત્ર રૂા. ૦-૬-૦ છ આના.

૨ જીવ વિચાર વૃત્તિ પાકા બાઈંડીંગની માત્ર રૂા. ૦-૪-૦ ચાર આના.

૩ દંડક વિચાર વૃત્તિ પાકા બાઇંડીંગના માત્ર રૂા.૦-૫-૦ પાંચઆના (પો. જુદું.)

ઘણીજ થોડી નકલો સીલીકે છે જેથી અમારે ત્યાંથી જલદીથી મંગાવશો.

## શ્રી જૈન બાળમિત્ર મંડલ ( મુંબઇનો ) વાર્ષિક રિપોર્ટ

### ( સં. ૧૯૨૧ ની સાલ. )

આ મંડળનો વાર્ષિક રીપોર્ટ અમોને મળ્યો છે. આ મંડળને સ્થાપન થયાં સુમારે પાંચ વર્ષ થયા છે. ટુંકી શરૂઆતે લઘુ પરંતુ વિદ્યાર્થીઓની શારીરિક, લેખન અને વક્તૃત્વ શકિત ખીલવવાનો પ્રયાસ કરવાનો મુખ્ય ઉદ્દેશ હોઈ સગવડ પ્રમાણે પ્રયત્ન કરાતો તે રિપોર્ટ વાંચવાથી માલમ પડે છે. વિદ્યાર્થી અવસ્થામાંની આવી શરૂઆતો ચાલુ રહેવાથી અમુક વખતે તે લાભદાયી નીવડે છે. સાથે સંમેલનો પણ વિદ્વાનો પાસે જાહેર મેળાવડા દ્વારા કરાવાતા ભાષણોથી થાય છે તે પણ ઉપયોગી છે. આ મંડળની અમો પ્રગતિ ( ઉન્નતિ ) ઇચ્છીયે છીયે અને તેમની તે કાર્યની વૃદ્ધિ માટે દરેક પ્રકારની સહાય આપવાની પણ સાથે ભલામણ કરીયે છીયે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

श्री

# આત્માનન્દ પ્રકાશ.

तत्त्ववेदिष्वात्मनोऽन्तर्भावमभिलषता सकलकालं सर्वेण स्व-
विकल्पजल्पाचरणानां सार्थकत्वं यत्नतः परिचिन्तनीयम्,
तद्वेदिनां च पुरतःकीर्तनीयम्, ते हि निरर्थके-
ष्वप्यात्मविकल्पजल्पव्यापारेषु सार्थकत्वबुद्धिं कुर्वा-
णमनुकम्पया वारयेयुः ।

पुस्तक १९ ] वीर संवत् २४४८ फाल्गुन. आत्म संवत् २६. [ अंक ८ मो.

## प्रभु स्तुति.

( ક્યાંથી આ સંભળાય એ રાહ. )

ધ્યાન ધરૂં પ્રભુ ત્હારૂં, કેસરીઆ ધ્યાન ધરૂં;
તુમ દર્શન વીણુ ચોગતિ ભટકયો, દુઃખ સહ્યું અતિ ભારી. કેસરીઆ૦ ૧
પ્રભુ દર્શનથી પાપ ગયા સૌ, પુન્ય પ્રકાશ્યું અમારૂં. કેસરીઆ૦ ૨
કલ્પવૃક્ષ સમ દાતા પ્રભુ છો, દારીદ્ર ચુરો સૌ મ્હારૂં. કેસરીઆ૦ ૩
આપ છતે નહી ઉદ્ધાર અમારો, અબ કોણ શરણ હું ધારૂં. કેસરીઆ૦ ૪
"કલ્યાણ" કરો સૌનું જગસ્વામી, ભવો ભવ શરણ ત્હમારૂં. કેસરીઆ૦ ૫

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# જૈન ઐતિહાસિક સાહિત્ય.

## " ઇતિહાસ અને હેનો ઉપયોગ. "

( લેખક—છોટાલાલ મગનલાલ શાહ—કુલાસણ. )

જૈનો જાણે ચેતનમુકતજ હોય, જાણે નિર્માલ્ય, બ્હીકણ, ક્ષુદ્ર હૃદયી, નિસ્તેજ, સ્વાર્થી, એકલપેટા અને નાસ્તિક હોય એવા પ્રકારના વિચાર આજકાલના જૈન યુવકો, કેટલાક સાધુઓ અને વિશેષ કરીને જૈનેતરોના હૃદયમાં ઉંડી જડ ઘાલી પડેલા છે. અધુના કેટલાક સાક્ષરો, ઇતિહાસ–જીજ્ઞાસુઓ એમજ જાણી બેઠા છે કે "જૈનધર્મનાં તત્ત્વો માણસને 'નિર્બળ' બનાવે છે તેનો સમાગમ કરવાથી 'ક્ષાત્રતેજ' ને નિસ્તેજ બનાવે છે. જ્યાં ત્યાં માસિકો,[1] નવલકથાઓ, ભાષણો આવા વિચારોથી ઉભરાઇ જાય છે; અને બાળ જૈન યુવકો તે વાંચી, સાંભળી જૈન ધર્મ–ઉપરની પોતાની શ્રદ્ધાને ગુમાવે છે.

સત્યશોધક ઇતિહાસજ્ઞ શું એમ કહી શકશે કે "જૈનોના ઇતિહાસ નિર્બળતા કાયરતાથી ભરેલો છે ? શું જૈનો તરવાર બાંધી ગુજરાત મારવાડ, મેવાડ અને દક્ષિણમાં દેશના રક્ષણ માટે ઉત્સાહથી ભાગ લીધો નથી ? શું જૈનોએ સાહિત્ય, ઇતિહાસ, સ્થાપત્ય, વીગેરેમાં અભિમાન લેવા યોગ્ય નથી કર્યું ? અરે ગુજરાતની કીર્તિ જયવંત કરે–તેવા અનેક પ્રસંગો જૈન સાહિત્યમાંથી નીકળી આવે તેમ છે, પરંતુ ખેદ સાથે જણાવવું પડે છે કે આ દિશામાં જોઇએ તેવો પ્રયત્ન થતો નથી. કેટલાક પ્રાચીન વિચારોને અવલંબીને એમ પણ જણાવે છે કે આપણે એવા સાલવાર, ક્રમવાર, કોણ હતો ? કયાં જન્મ થયો ? શું કર્યું ? વીગેરે જાણવાની શી જરૂર છે? આપણે તો ધર્મનાં તત્ત્વો સ્હમજવાનીજ જરૂર છે, અરે કેટલાક મહાન ઉપાધી ધારી મુનિરાજો પણ આવા વિચારો ધારણ કરી બેઠા છે. ખેર ! ચાલો આપણે મૂળ વિષય ઉપર આવીએ.

દરેક રાષ્ટ્ર, દરેક પ્રજા, દરેક ધર્મ, અને દરેક કોમ અરે દરેક માનવ પોતાને કીર્તિવંત થવાને ઇચ્છે છે, પોતાની કીર્તિને જવલંત રાખવાને સારૂ ભૂતકાળના જાજવલ્યમાન પ્રસંગોને અનેક રંગે રંગી, અનેક શબ્દોથી ગુંથી અને અનેક પિંછીથી ચિત્રી ભવિષ્યની પ્રજા સમક્ષ જગતમાં મૂકવા ચુકતા નથી.

આવી રીતે પ્રસંગો રજૂ કરવાથી ભૂતકાળની અભિમાન લેવા યોગ્ય કીર્તિ

1 વાંચો નવેમ્બર–૧૯૨૧ 'સાહિત્ય' નો 'સિદ્ધરાજ જયસિંહ' નામનો લેખ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



માનવોના સ્મરણમાં સતેજ રહ્યા કરે છે અને વર્તમાન યા ભવિષ્યની પ્રજાને જણાવે છે કે ' ત્હમારી અખંડ જ્વલંત કીર્તિ રહે તેમ વર્ત્તો " જ્યારે કોઇ પણ પતન પામતું જાય છે ત્યારે ત્હેને પૂનિત કરનાર કેવળ પુર્વકાળની જ્વલંત કીર્તિ છે. તે સમયે ભૂતકાળની જ્વલંત કીર્તિ મૃતપ્રજામાં ' અમૃત સિંચન ' નું અમૂલ્ય કાર્ય બજાવે છે, અર્થાત ' સંજીવની ' ઔષધી સમાન નવજીવન અર્પનાર નિવડે છે, મૃત પ્રજામાં, જ્વલંત કીર્તિના પ્રસંગોના દર્શનથી શૂરાતન પ્રજ્વલિત થાય છે, ત્હેના જીવનમાં નૂતન બુદ્ધિ પ્રવાહ આવે છે. તે સ્હમજવા લાગે છે કે " અમ્હારામાં કંઈક આત્મબળ છે, અમ્હે પણ જગતમાં કંઇક કરવાનેજ જન્મ પામ્યા છીએ, અમારામાં પાણી છે એવો આત્મ વિશ્વાસ ઉદ્ભવે છે. અને પોતે ઝળકી ઉઠવાને સારૂ નવિન માર્ગ શોધન કરવા જતાં ત્હેની દૃષ્ટિ સમક્ષ અનેક માર્ગો ઉપસ્થિત થાય છે. નવિન વિચાર બળ પ્રાપ્ત થાય છે, અને જરૂર ઝળકી ઉઠે છે, પોતાની જ્વલંત કીર્તિને જાણનાર છાતી કાઢી ચાલી શકે છે, મુખાર્વિંદ ઉચ્ચુ રાખી શકે છે, અને આગળ ઉભો રહેવાને લાયક માને છે.

આજ કારણથી ઇતિહાસનું મૂલ્ય ' અમૂલ્ય ' અંકાય છે, અને તેજ કારણથી ત્હેની જરૂરીઆત છે.

ઈતિહાસ ઉપરથી એ પણ જાણી શકાય છે કે ભૂતકાળમાં પોતાના પૂર્વજો ક્યાં ક્યાં ઠોકર પામ્યા ? ક્યાં કેવો ઉપયોગ કરવાથી સડો દાખલ થયો, અને તે સડાથી પ્રજાને કેવાં ભયંકર પરિણામ ભોગવવાં પડ્યાં, ત્હેની રૂપરેખા સ્મરણમાં ખડી થાય છે. નવજીવન રેડનાર આદ્ય મહાત્માએ કેવાં તત્ત્વોનો પ્રચાર કરેલ હતો, પોતાનો સમુદાય વૃદ્ધિગત કરવા સારૂ કેવો અખંડ પરિશ્રમ સહન કર્યો હતો, અને કેવી અનુપમ જાજ્વલ્યમાન કીર્તિ પ્રસારી ગયા હતા, તે પછી ઉદ્ભવ પામનાર વંશ જો એ આદ્ય મહાત્માના સત્ય—આશયોને બુદ્ધિના વિકારના—અંગે કે કીર્તિના અંગે વિપરીત રીતે સ્હમજાવી અનેક પ્રકારના ધાંધલ ઉત્પન્ન કરે છે, અનેક અજ્ઞાન માનવોને ઉલટ–પાલટ સ્હમજાવી પોતાના મતમાં આકર્ષી નવિન માર્ગની પ્રરૂપણા કરે છે, આવા અનેક માનવો કાળાંતરે ઉદ્ભવ પામે છે અને નવિન નવિન માર્ગનો જન્મ આપી ભિન્ન ભિન્ન વાડાઓ બાંધી ' સમુદાય ' ને છિન્ન ભિન્ન કરી પોતાનું અનિર્વચનીય શૂરાતનને તોડી પાડે છે, એ પ્રકારે ભૂતકાળમાં કેવા કેવા માર્ગો સ્થપાયા પોતાનું સમુદાય બળ શાથી તૂટ્યું ? અને ક્ષતિકર અને હાનિકારક તત્ત્વો ક્યાં પ્રવેશ પામ્યાં તે સર્વેનું દિગ્દર્શન ભૂતકાળના ઇતિહાસ ઉપરથીજ જાણી શકાય છે, દિવસે દિવસે આપણા દેશમાં પાશ્ચાત્ય શિક્ષાનો પ્રભાવ પડી રહ્યો છે અને ત્હેની સાથે બારીક દ્રષ્ટિથી વિચારવામાં આવશે તો જણાશે કે " અપ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ક્ષપાત અને નિર્મોહથી લખાયેલ ઇતિહાસના શિક્ષણની અતિ આવશ્યકતા છે. આ ઉપરથી જણાશે કે આપણને સત્ય ઇતિહાસની અત્યન્ત આવશ્યકતા છે.

ત્હેની સાથે સત્ય ઇતિહાસનાં સાધનો પ્રાપ્ત કરવાને અનેક વિકટ પ્રસંગોને વટાવવા પડે છે, જૈનોની જ્વલંત જ્યોતિ ઉપર અનેક અંધકારના વાદળાં ઘેરાઇ રહ્યાં છે, વિસ્મરણ વગેરેના થર બાઝી ગયા છે. એ જ્વલંત જ્યોતિને પુનઃ પ્રગટાવવી એ થરોને ભેદી સત્ય સ્વરૂપનાં દર્શન કરાવવું કંઇ રમત નથી.

જૈનેતર પ્રજા ઇતિહાસનાં અલ્પ સાધનોની જે બૂમ માર્યા કરે છે તેટલી બૂમ જૈન ઇતિહાસ માટે મારવી પડે તેમ નથી, કારણ ઇતિહાસનાં અનેક સાધનો આપણા પૂર્વજો ભિન્ન ભિન્ન રીતે રક્ષણ કરતા આવ્યા છે. વળી તે એવાં અમૂલ્ય સાધનો છે કે ત્હેની તરફ ઉપેક્ષા ભાવ નહિ ધરાવતાં અપક્ષપાત અને નિર્મોહથી તે સાધનોનો ઉપયોગ કરવામાં આવે તો ગુજરાતનો તો શું પણ સકલ ભારતવર્ષના ઇતિહાસનાં તત્વો હસ્તગત થાય તેમ છે, વળી કેટલુંક ઐતિહાસિક તત્વો ગર્ભિત સાહિત્ય પ્રકાશમાં આવેલ છે, પણ ત્હેની સાથે અનેક પ્રકારનું સાહિત્ય ભંડારમાં ક્ષતિત્વ પામતું જાય છે.

આવાં ઐતિહાસિક તત્વો બ્હાર પાડવામાં ' જૈન કોન્ફરન્સ હેરલ્ડે ' ઉચ્ચપ્રતિનો પ્રયત્ન સેવેલ હતો પરંતુ ઇતિહાસના–જૈનોના કમનસીબે તે પણ અસ્ત પામ્યું છે. પરંતુ આનંદપ્રદ છે કે શ્રીમાન ગાયકવાડ સરકાર તરફથી કેટલાક સાહિત્ય ગ્રંથો પ્રકાશમાં આવેલ છે અને ત્હેમાં જૈનોના જ્વલંત કીર્તિ સૂર્યનાં કિરણો પ્રકાશી રહેલ છે, ત્હેની સાથે વિશેષ અભિનંદનીય શ્રી જિનવિજય છે કે જેઓ અનુપમ પ્રયત્ન સેવી અનેક ગુઢ જૈન ઐતિહાસિક તત્વો નિયમીત પણે પ્રકાશે જાય છે, આ પ્રમાણે દિવસાનુદિવસ સાહિત્ય પ્રકાશતું જાય છે ત્હેનો સદુપયોગ કરવો તે જૈન પ્રજાના હસ્તમાં છે, તે તત્વો જૈન પ્રજામાં જેમ પ્રોત્સાહન પ્રગટાવે તેવી શૈલીમાં અન્ય સાધનો રચાવવાં તે પણ જૈન પ્રજાના હસ્તમાં છે. હવે વર્તમાન સાહિત્યમાં ઇતિહાસ માટે જે લખાયું છે ત્હેની પ્રથમ યાદી મ્હારા સ્મરણ–નોંધ પોથી ઉપરથી આપું છું કારણ નવિન શોધક કેટલીક બાબતોનું અન્વેષણ કરે છે અને જ્યારે બ્હાર પાડવાને આકર્ષાય છે એટલામાંજ એને તે ' શોધન ' અન્ય તરફથી અગાઉ બ્હાર પડેલ છે એમ માહિતી મળતાં તે હતાશ–નિરૂત્સાહી થાય છે. તેથી યાદી આપવી ઉચીત સ્હમજું છું. આવશ્યકનિર્યુકિત, દ્વાશ્રય મહાકાવ્ય, હેમચંદ્રાચાર્ય વિરચીત ( સં. અને ગુ. ) અભયકુમાર ચરિત્ર ( ગુ. ) ગુર્વાવલી ( સં. ) વિજયપ્રશસ્તિ મહાકાવ્ય, જગદ્ગુરૂ કાવ્ય, ગુરૂગુણરત્નાકર કાવ્ય, પ્રબંધ ચિંતામણી ( સં. અને ગુ. ) ચતુર્વિંશતિ પ્રબંધ ( સં. અને ગુ. ) સોમસૌભાગ્ય ( ભાષાંતર સહ ) હિરસૌભાગ્ય ( સં. ) શ્રીમાન ગાયકવાડ દ્વારા, વસંતવિલાસ, હમ્મીરમદ મર્દન,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મોહપરાજય નાટક, નરનારાયણા નંદ, પ્રાચીન ગુર્જર કાવ્ય સંગ્રહ, વિગેરે કીર્તિ કૌમુદી ( ગવર્ન. ) હરિભદ્રસૂરિ ચરિત્રમ્, ( બનારસ ) હરિભદ્રસૂરિ સમય નિર્ણય (સં. પૂના) સુકૃત સંકીર્તન, (આત્મા૦ સભા.) શત્રુંજય મ્હાત્મ્ય, આ સિવાય દરેક સંસ્કૃત ગ્રંથોની પ્રશસ્તિઓ, ગુજરાતી ગ્રંથોમાં સૂરિશ્વર અને સમ્રાટ, વિમળ પ્રબંધ, (સુરત) કુમારપાળ ચરિત્ર, યશોવિજય ચરિત્ર, વિજયધર્મસૂરિ જીવન, જૈન શાસનનો દીવાળીનો અંક, ઐતિહાસિક રાસ સંગ્રહ ભા. ૪, જૈન કોન્ફરન્સ હેરલ્ડના કેટલાક અંકો, આત્માનંદ પ્રકાશ માસિકના કેટલાક અંકો, જૈન ધર્મનો ઇતિહાસ ભાગ બે, જૈન સાહિત્ય સંશોધક માસિકના ચારે અંકો સં. ૧૯૨૧ ના, વસ્તુપાળ જીવન ચરિત્ર ( આત્મા. ) કુમારપાળનો રાસ, હીરવિજયસૂરિનો રાસ, ( દે. લા. ) કુમારવિહાર શતક, (આ૦ સ૦) શતપદી (અચળગચ્છની હકીકત) જૈન સતી મંડળ, ભરતેસર બાહુબલી વૃતી, ઉપદેશ સપ્તતિકા, સુકૃતમુક્તાવલી, આનંદઘન પદ્ય બહોતરી, ( જૈનધર્મ પ્ર. ) તિર્થાવળી પ્રવાસ, ધના શાળિભદ્રનો રાસ, પ્રભાવક ચરિત્ર ( સં. ) મુની જીનવિજયજી સંપાદિત, વિજ્ઞપ્તિ ત્રિવેણી, શત્રુંજયતીર્થોદ્ધાર પ્રબંધ, જગડુ ચરિત્ર, કૃપારસ કોષ, વિજ્ઞપ્તિ સંગ્રહ, જૈનગ્રંથ પ્રશસ્તિ સંગ્રહ, પ્રાચીન જૈન લેખ સંગ્રહ, ભા. ૨ પટવાના સંઘનો ઈતિહાસ, (આ૦સ૦) વીગેરે યોગનિષ્ઠ બુદ્ધિસાગરજી સંપાદિત જૈન ધાતુ પ્રતિમા લેખ સંગ્રહ ભા. ૧ જૈન લેખ સંગ્રહ પુરણચન્દ નાહર સંપાદિત વિગેરે વિગેરે અનેક ઐતિહાસિક સામગ્રી પ્રકાશિત થયેલ છે અને પ્રતિદિન વધુ પ્રમાણમાં બ્હાર પડશે.

ઉક્ત દર્શાવેલ સામગ્રીથી સહમજાશે કે ઈતિહાસ પંથ હવે સરલ થતો જાય છે.

હવે આ સામગ્રી ઉપરથી જૈનોને પૂર્વની જ્વલંત કીર્તિનું ભાન કરાવવું, એ લેખકો—સાહિત્ય રસિક સાક્ષરોનું છે. જે સાહિત્ય પોતાના ઇતિહાસના પ્રત્યેક પરાક્રમથી ગાજી નથી રહ્યું તે સાહિત્યને શું કહેવું ? પ્રજામાં ચેતન સ્ફુરાવવાને અધુના નવિન માર્ગો છે. પૂર્વના રાસો, સઝાયો, કે આખ્યાનો નવિન પ્રજા વાંચતાં અરૂચિ અનુભવે છે. એ ન્યુનતા દૂર કરવી હોય તો નવિન માર્ગનુ અવલંબન કરવુ જોઇએ એટલે ભૂતકાળદર્શિત પરાક્રમના પ્રસંગો લઈ આધુનિક શૈલીથી આત્મબળ જાગૃત કરે તેવાં કાવ્યો, નાટકો, નવલ કથાઓ લખવા જૈન સાક્ષરો પ્રેરાશે તો પ્રજા ઋણી થશે. આધુનિક પ્રજા નવલકથા, નાટકો, કાવ્યો વાંચવા વિશેષ આકર્ષાય છે. આવા પ્રસંગો આપણા ઇતિહાસમાં અનેક સ્થળે પ્રાપ્ત થશે, તો તે પ્રતિ લેખકો પ્રેરાશે એવી આશા છે. આ સિવાય એક અમુલ્ય સાહિત્યનું અંગ ખીલવી શકાય તેમ છે. જીવનચરિત્રો વાંચનાર ઉપર અનુપમ અસર કરી શકે તેમ છે. અને આપણામાં તેનું સાહિત્ય વિપુલ સ્થિતિમાં છે. ત્હેની ઐતિહાસિક દ્રષ્ટિથી સંશોધન કરી આધુનિક દ્રષ્ટિથી પ્રકાશિત કરવામાં આવે તો તે વિશ્વસનીય બાબત ગણાશે અને સમગ્ર ગુજરાત પ્રજા આકર્ષાય તેમ છે.

For Private And Personal Use Only

આપણી પાઠશાળાઓમાં કેવળ સૂત્રો કંઠસ્થ કરાવવામાં આવે છે કિન્તુ પ્રજાના અતીત પરાક્રમનું કોઈ પણ પુસ્તક ચલાવવામાં આવતું નથી તો તે ખેદની વાત છે. તે માટે ઐતિહાસિક વાર્તાઓની ગુંથણી કરવામાં આવે અને પાઠશાળાઓમાં ચલવવામાં આવે તો બાળપ્રજા તે પ્રતિ આકર્ષાય તેમ છે.

જૈનોમાં વર્તમાન પત્રો, માસિકો નીકળે છે અને પ્રતિવર્ષે એકાદ દળદાર પુસ્તક ભેટ આપે છે. તેઓ જો આ દિશા ભણી પ્રયત્ન આરંભે અને મનઃસંતોષ પારિતોષીકો આપી કાર્ય કરાવે તોજ ઠીક કાર્ય દીપી નીકળે તેમ છે, જૈનેતરમાં પ્રતિવર્ષે અનેક ઐતિહાસિક વસ્તુ લઇ નવલકથાઓ રચાઇ બ્હાર આવે છે, અને તે સર્વેના અભિનંદન પાત્ર જૈનેતર, વર્તમાન પેપરના તંત્રીઓ, અને બુકસેલરો છે. આ દિશામા જૈન પ્રજાએ કંઇક પ્રયત્ન પ્રારંભ કરેલ છે, જૈન–પેપર દ્વારા બે–ત્રણ નવલકથાઓ બ્હાર પડી છે પણ તે બરાબર પ્રશંસનીય પામે તેવી ગુંથણી કરવામાં નથી આવી આ સિવાય બુકસેલર મેઘજી હીરજી દ્વારા બે–ત્રણ બ્હાર પડેલ છે, તે પણ રાસાઓ ઉપરથી અતિ પ્રાચીન વસ્તુઓથી રચવામાં આવેલ છે એટલે વાંચક કંઇક ઓછી શ્રદ્ધા રાખે છે. હવે ઐતિહાસિક વસ્તુઓ લઇને રચાવવા પ્રયત્ન આરંભશે તો ઉપકૃત થઇશ.

આ દિશામાં કામ કરાવનાર માણુસે પ્રથમતો લેખકને લેખન ચાર્જ મનઃસંતોષ આપશે તોજ યશેષ્ટ કાર્ય કરાવી શકશે ન્હેને પ્રથમ ચાર્જ વિશેષ લાગશે પણ તે પ્રકાશ પામ્યા પછી મનઃસંતોષ ધન પ્રાપ્તિ કરી બતાવશે તો હું આશા રાખું છું કે તંત્રીઓ, અને બુકસેલરો આ દિશામાં દૃષ્ટિપાત કરશે.

પ્રતિશમ.

તા. ક.—પ્રકાશિત પુસ્તક યાદીમાં કેટલાંક દર્શાવવાં બાકી ગયો છું. પણ લખાણ લંબાયાના ભયથી ટુંકાવેલ છે.

—લેખક

# શ્રાવકની કરણીનું રહસ્ય.

શ્રાવકની બીજી કરણી " મારી શી અવસ્થા–સ્થિતિ છે. "

જ્યારે શ્રાવકને પોતાના શ્રાવકત્વનું ભાન થાય છે, ત્યારપછી તેણે પોતાની સ્થિતિનો વિચાર કરવાનો છે. સ્થિતિનું ભાન થવાથી તેનામાં શ્રાવકપણાનો નિર્વાહ કરવાનું સામર્થ્ય આવે છે. તેમજ પોતાના વર્ત્તનની યોગ્યતા કે અયોગ્યતા જોવાની તક મળે છે. પોતે જે રીતે વર્ત્તે છે, તે રીત તેની અવસ્થાને યોગ્ય છે કે નહીં, તેનું જ્ઞાન પ્રાપ્ત થાય છે. અવસ્થા–સ્થિતિ અને વર્ત્તન એ ઉભયનું સામાધિકરણ્ય હોય

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વાજ સર્વ પ્રકારે ઉત્કર્ષ સાધી શકાય છે. ધર્મના **વ્યવહાર માર્ગની અંદર સ્થિતિનું** નિરીક્ષણ મુખ્ય છે. પોતાના વર્ત્તનથી વિરૂદ્ધ સ્થિતિ હોય તો **શુદ્ધ વ્યવહારને મોટી** હાનિ થઇ પડે છે. સ્થિતિનું નિરીક્ષણ કરવાની ઘણીજ **આવશ્યકતા છે. જે ગૃહસ્થ** પોતાની સ્થિતિનો વિચાર કરતો નથી અને તે સ્થિતિ **પ્રમાણે** પોતાનું **વર્ત્તન** રાખતો **નથી**, તે ગૃહસ્થ ધર્મ **અને** વ્યવહાર માર્ગનો **વિરોધી બની જાય છે.**

એ સ્થિતિ—**અવસ્થાના** ઘણા ભેદ થઇ શકે છે. નીતિશાસ્ત્રકારો તે **અવસ્થાના** મુખ્ય બે પ્રકાર પાડે છે. ૧ **આયાસ પ્રાપ્ત સ્થિતિ અને ૨ અનાયાસ પ્રાપ્ત** સ્થિતિ. માણસ પોતાના જીવનમાં ઉત્તમ પ્રકારના **વ્યવહારિક** ગુણો **મેળવી ઉચ્ચ** દશામાં આવે છે, તે આયાસ **પ્રાપ્ત**સ્થિતિ કહેવાય છે. એ સ્થિતિના **સાધન રૂપે** વ્યાપાર, ઉદ્યોગ અને કળાકૌશલ્ય ગણેલા છે. જે મનુષ્ય સામાન્ય સ્થિતિમાંથી ઉચ્ચ સ્થિતિમાં આવી જાય છે, તે **આયાસ પ્રાપ્ત સ્થિતિ** કહેવાય છે. અને જે **માણસ** ગર્ભશ્રીમંતાઇમાં ઉછર્યો હોય, અને પછી તે પોતાના વડિલની **સમૃદ્ધિનો** વારસ બની સારી સ્થિતિમાં આવે છે, તે બીજી **અનાયાસ પ્રાપ્ત સ્થિતિ** કહેવાય છે. કોઇવાર અદૃષ્ટ—ભાગ્યના બળાથી પણ આ સ્થિતિ મેળવી શકાય છે.

વળી ધર્મ શાસ્ત્રકારોએ તે સ્થિતિના બીજે પ્રકારે બે ભેદ માનેલા છે. ૧ **આભ્યંતર સ્થિતિ** અને ૨ **બાહ્ય સ્થિતિ.** જે મનુષ્ય જ્ઞાનાદિ ગુણો મેળવી આત્માની ઉચ્ચ સ્થિતિમાં આવ્યો હોય છે, તે આભ્યંતર સ્થિતિમાં **ચડીઆતો** ગણાય છે. એ સ્થિતિના સાધન રૂપે **ધર્મ, સત્સંગ, સત્સેવા અને સદ્વર્તન ગણાય છે.** ભાવનાની ભવ્યતાને ધારણ કરનારી આ સ્થિતિને **મહાત્માઓ વખાણે છે અને** તેને મોક્ષ માર્ગની દર્શક કહે છે. બીજી બાહ્ય સ્થિતિ તે **આર્થિક સ્થિતિ છે. એ** સ્થિતિ મુખ્યત્વે કરીને વ્યવહાર અને ધર્મને વિષે **ઉપયોગવાળી છે. વ્યવહાર દશાની** ઉન્નતિ એ ધર્મની ઉન્નતિનું સાધન છે; કારણ કે, **વ્યવહારથી ધર્મનું પોષણ થઇ** શકે છે. **વ્યવહારથી** ઉચ્ચ થએલી બાહ્ય સ્થિતિ આભ્યંતર સ્થિતિને સુધારે છે. **શ્રાવક** ગૃહસ્થ જ્યારે પોતાની બાહ્ય સ્થિતિ અને આભ્યંતર સ્થિતિનો વિચાર કરશે, ત્યારે તેને પોતાના **આત્મગુણોનું ભાન થયા વિના** રહેશે નહીં.

નીતિ અને ધર્મના મત પ્રમાણે જે સ્થિતિના ભેદ પડેલા છે, તે **ભેદોનું** રહસ્ય શ્રાવકના ઉચ્ચ જીવનને સૂચવે છે. તે શ્રાવકનું ઉચ્ચ **જીવન તે ધર્મ જીવન છે.** જિનેશ્વરના ધર્મમાં મનુષ્ય જીવનના બધા માર્ગોનું **વહન ધર્મ** તરફજ દર્શાવેલું છે. અને મનુષ્યના સર્વ જીવન પ્રકારોનું ચૈતન્ય ધર્મનેજ કરેલું છે. ગમે તે **સ્થિતિમાં** પણ ધર્મજ સાધ્ય છે. ધર્મની ભાવના એ પામવાના પ્રકાર અને **ક્રમ રૂપે વ્યવહારને** નામે ચાલતા આચાર વિચારની રચના **થએલી છે.** તે સર્વ રચનાનું **કેંદ્રસ્થાન**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ધર્મજ છે. શ્રાવકે પોતાની અવસ્થા–સ્થિતિનો વિચાર કરતાં સમજવાનું પણ એજ છે કે, 'જે દશામાં હું રહેલો છું, તે દશા ધર્મ સાધવામાં અનુકૂળ છે કે નહીં ? અને જો છે તો તેમાં કેટલે અંશે ધર્મ સાધી શકાશે.' અને કયા અંશો ધર્મ સાધવામાં પ્રતિકૂળ થાય છે ?

ઈત્યાદિ વિચારો કરતાં તેને સિદ્ધ થશે કે, મારી અવસ્થા–દશા ધર્માદિ કાર્ય કરવામાં અનુકૂળ કે પ્રતિકૂળ છે. જો અનુકૂળ જણાય તો તેની વૃદ્ધિને માટે અને પ્રતિકૂળ જણાય તો તેની પ્રતિકૂળતા દૂર કરવાના ઉપાયને માટે પ્રયત્ન કરવા તત્પર થવું.

ધર્મ જાગરિકામાં અવસ્થા-સ્થિતિનું નિરિક્ષણ ઘણુંજ ઉપયોગી છે. એ ભાવના મનમાં લાવવાથી ધર્મ અને વ્યવહારમાં અનેક જાતના લાભ થાય છે; એ નિઃશંક છે. જ્યારે માણસ પોતાની સ્થિતિનો સંપૂર્ણ જ્ઞાતા બને છે, ત્યારે તે પોતાની પ્રવૃત્તિ કરવામાં સાવધાન રહી શકે છે. જે સાવધાનતા તેને તેના સમગ્ર જીવનમાં સહાય કારિણી બને છે.

એક સમર્થ વિદ્વાને સ્થિતિના નિરીક્ષણને માટે લખેલું છે કે, " મનુષ્યને આત્મ–અવસ્થાના નિરીક્ષણ કરવાનો વિષય સર્વથી મહત્ત્વનો છે. અને તે ખરેખરૂં આત્મશિક્ષણ કહેવાય છે. મનુષ્યનું આખું જીવન શિક્ષણ વ્યાપારવાલું છે. તેમાં જે ગ્રંથાદિકનું શિક્ષણ છે, તે પ્રથમ બાહ્ય અને પછી અનુક્રમે અંતરંગ લાભ આપી શકે છે, પણ જે સદ્વિચારમય આત્મશિક્ષણ છે, તે બાહ્યલાભની સાથેજ તરતજ અંતરંગ લાભ આપી શકે છે. અવસ્થા–સ્થિતિના નિરીક્ષણ રૂપ આત્મ શિક્ષણ એટલું બધું વિશાળ છે કે, જેમાંથી ઉભયલોકના સર્વોત્કૃષ્ટ લાભો મેળવી શકાય છે. એ શિક્ષણમાંથી મનુષ્ય પ્રતિક્ષણે શીખે છે અને શીખવે છે. એ શિક્ષણની શાળાના પાઠ ધર્મ અને વ્યવહારનો ઉત્તમ બોધ આપે છે. "

આ તે સમર્થ વિદ્વાનના સૂત્રો અવસ્થા–નિરીક્ષણ રૂપ શ્રાવકની બીજી કરણીનો સંપૂર્ણ બોધ આપે છે. ગૃહસ્થ શ્રાવક પોતાના હૃદયના પૂર્ણ પ્રેમ ભાવથી એ નિરીક્ષણ આચરે તો તેને ઈષ્ટ ફળ પ્રાપ્ત થતાં કશી વાર લાગતી નથી. જે વ્યકિત એ શિક્ષણથી વિમુખ છે, તેના હૃદયની ભવ્યતા અને બુદ્ધિનો વૈભવ હોય તો પણ તે સર્વ વ્યર્થ થઈ જાય છે. આત્મશિક્ષણ વગરનું શિક્ષણ શુષ્ક છે અને તે માત્ર વિવાદ, વિગ્રહ અને વિરોધનોજ માર્ગ શીખવે છે.

વ્યવહાર ધર્મને પ્રતિપાદન કરનારા વિદ્વાનો પણ કહે છે કે, " જે ગૃહસ્થ શ્રાવક પોતાની કરણીને અંગે આત્મ દશાનું વિલોકન કરે છે, તો તેથી તે ધર્મ અને વ્યવહાર બંને સુધારી શકે છે. વ્યવહારમાં જે વર્તનની આવશ્યકતા છે, તે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વર્ત્તન તેનામાં સ્વતઃ પ્રાપ્ત થાય છે. કુટુંબમાં તેમ ગામમાં અને આખા દેશમાં કે દુનીયામાં એ ભાવનાને અનુસારે ગૃહસ્થે પોતાનું વર્ત્ત રાખવું ઉચિત છે. વ્યાપાર, રોજગાર, વ્યવહાર, જ્ઞાતિ, મિત્ર સર્વત્ર આત્મ દશાને અનુસારે સરળ વૃત્તિ વડે વર્ત્તવાથી ધર્મ ભાવનાનું સંરક્ષણ થાય છે, અને કર્ત્તવ્ય, વિચાર અને વાણીનો ઉપયોગ રાખવો એ નીતિ છે. કોઇ પણ પ્રસંગ એવો નથી કે જેને આ ભાવનાનો સિદ્ધાંત લાગુ કરીને તુરત ધાર્મિક કે વ્યાવહારિક નિર્ણય કરી ન શકાય. ”

વળી શ્રાવક કુટુંબ રૂપ નાવને આ સંસારસાગરની સપાટી ઉપર સારી રીતે ચલાવવાનું સાધન પણ આત્મ દશાનું વારંવાર અવલોકન છે. વ્યવહારના પ્રસંગોમાં પણ એ ભાવનાથી નીકળતી નીતિને અવલંબન કરવાની મુખ્ય જરૂર છે. જેઓ આત્મદશાનું અવલોકન કર્યા વિના પ્રવૃત્તિ કરે છે, તેઓ ધર્મ અને વ્યવહારના માર્ગમાંથી ભ્રષ્ટ થઇ અનિષ્ટ ફલને પ્રાપ્ત થાય છે, કારણ કે, આત્મ સ્થિતિના વિચાર વિના કરેલી પ્રવૃત્તિ કોઇવાર ધર્મ અને વ્યવહારનો એવો ધક્કો લગાડે છે કે, જેથી મનુષ્ય જીવનના જે ઉચ્ચ તત્ત્વો કહેવાય છે, તેમાંથી અધઃપાત થવા જરાપણ વાર લાગતી નથી. આવા કારણોને લઈનેજ વિશ્વોપકારી મહાત્માઓએ શ્રાવક કરણીનો આ બીજો પ્રકાર પ્રરૂપ્યો છે. જ્યારે શ્રાવકમાં પોતાની સર્વ કરણીઓ પરિપૂર્ણ રીતે પ્રગટ થાય છે, ત્યારેજ તેનામાં શ્રાવકત્વનો પૂર્ણ વિકાસ થાય છે. પ્રાચીનકાલે શ્રાવક કરણીનો પૂર્ણ વિમર્શ કરવામાં આવતો હતો. તેમાં આ અવસ્થા–સ્થિતિરૂપ કરણીનો વિચાર પ્રધાન હતો. કારણ કે, દરેક મનુષ્યે પોતાની સ્થિતિનો વિચાર પ્રથમ કર્ત્તવ્ય છે. સ્થિતિનું શુદ્ધ જ્ઞાન થયા પછીજ કોઇ પણ દિશામાં ગમન કરી શકાય છે. અને તે ગમન સર્વ પ્રકારે વિજયી નીવડે છે. સ્થિતિના જ્ઞાન વગર જે કાંઇ કરવાનું છે, તે સાહસના રૂપમાં ગણાય છે. અને તે સાહસ ધર્મ અને વ્યવહાર માર્ગનો અકસ્માત્ ધ્વંસ કરી નાંખે છે. તે સાહસના નીતિકારાએ બે પ્રકાર કહેલા છે ૧ સજ્ઞાન–સાહસ અને ૨ અજ્ઞાન સાહસ. જે સ્થિતિના જ્ઞાનથી કરવામાં આવે તે સજ્ઞાન સાહસ કહેવાય છે. અને જે સ્થિતિના જ્ઞાન વિના કરવામાં આવે તે અજ્ઞાનસાહસ કહેવાય છે. સજ્ઞાન સાહસમાં ઉત્કર્ષ રહેલો છે અને અજ્ઞાન સાહસમાં ધ્વંસ રહેલો છે. કોઇ પણ વ્યાપારી દ્રવ્યને અંગે પોતાની ઉચ્ચ સ્થિતિનો વિચાર કરી વ્યાપારનું સાહસ કરે, તેનો એકદમ અધઃપાત થતો નથી પણ ઉત્કર્ષ થાય છે અને જે પોતાની આર્થિક સ્થિતિનો વિચાર કર્યા વગર મોટા વ્યાપારનું સાહસ કરે તે ક્ષણવારમાં પાયમાલ થઇ જાય છે, આ ઉપરથી સિદ્ધ થાય છે કે, વ્યાપાર, કર્મજય, જ્ઞાનાભ્યાસ અને ઉચ્ચ તપ–એવા કાર્યોને અર્થે સાહસ એ અતિ ઉપયોગી ગુણ છે, પણ તે સજ્ઞાન સાહસ હોવું જોઇએ.

For Private And Personal Use Only

આ ઉપરથી સજ્ઞાન સાહસનું સ્વરૂપ ધર્મ અને વ્યવહારમાં ઇષ્ટ ગણેલું છે. એ સજ્ઞાન સાહસની મહત્તા સ્થિતિપરત્વે રહેલી છે. તેથી ગૃહસ્થ શ્રાવકે પોતાની સ્થિતિનો વિચાર અવશ્ય કર્ત્તવ્ય છે.

આ પ્રમાણે આત્મનિરીક્ષણના શિક્ષણમાં શ્રાવકની બીજી કરણીરૂપે આત્મ-સ્થિતિનો વિચાર છે; એ વિચાર પ્રવૃત્તિ અને નિવૃત્તિ બંનેમાં ઉપયોગી છે. એક મહાત્મા લખે છે કે, " આ સંસાર રૂપ મહાસાગરમાં પડેલા મનુષ્યને આત્મસ્થિતિની જે નિરીક્ષા છે, તે નાવિક સમાન થાય છે."

આ મહાત્માના વાકયો અક્ષરશઃ સત્ય છે. જેઓ આત્મસ્થિતિનો વિચાર કર્યા વગર અજ્ઞાન સાહસથી પ્રવૃત્તિ કરે છે. તેઓ પરિણામે અધમ સ્થિતિમાં આવી પડે છે. અને તેમના હૃદયને પાછળથી અનુતાપ દગ્ધ કરે છે.

મહાન પંચ વ્રતધારી મહાત્માઓ કે જેમણે આ સંસારની સર્વ પ્રકારની વાસનાઓનો ત્યાગ કરેલો છે, તેઓ કદિ અજ્ઞાન સાહસથી આત્મસ્થિતિનો વિચાર કર્યા વગર પ્રવૃત્તિ કરે; જોકે તે પ્રવૃત્તિ ધર્માવલંબી હોય છતાં પણ તેમને પાછળથી અનુતાપ રૂપ અમલનો તીવ્ર તાપ સહન કરવો પડે છે. તો પછી આ સંસાર રૂપ મહારાજાના દાસ થઇ રહેલા ગૃહસ્થોની તો શી વાત કરવી ? તેમને જો આત્મસ્થિતિનું વિસ્મરણ થાય તો તે અવશ્ય તેમના અધઃપાતનું કારણ બને છે. આથી વિશ્વોપકારી ભગવાન્ તીર્થંકરોએ શ્રાવકની બીજી કરણી રૂપે પ્રરૂપ્યું છે કે, પ્રત્યેક મનુષ્યે પોતાની અવસ્થા–સ્થિતિનો વિચાર કરવો. આત્મસ્થિતિનું નિરીક્ષણ આત્મગુણોને વધારનારૂં અને માનવ જીવનને સુધારનારૂં છે. એ ભાવના સ્વકર્ત્તવ્ય, સ્વાર્પણ આદિ ઉત્તમ ગુણોને ઉત્પન્ન કરી ધર્મના હેતુઓને પુષ્ટ કરનારી છે. તેથી સર્વ ભવ્યાત્માઓએ આ શ્રાવકની બીજી કરણી ભાવવાનો મહાન્ પ્રયત્ન કરવો જોઇએ.

—ચાલુ.

V.

## सद्वर्तननी उच्चता दर्शन.

(હરિગીત.)

યુક્તિ પ્રયુક્તિથી વળી પાંડિત્યના ચમકાટથી,
જે જગત માંહે સત્ય શક્તિ ના મળે ઝળકાટથી;
વર્ત્તન વિષે ઉત્તમ બને જો વીર જીવન જીવવું,
સદ્‌વૃત્તિથી સજવા સુજીવન હૃદય મંદિર મ્હાલવું.

૧

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આત્મિક યજ્ઞની આહુતિમાં સર્વ યોગો સધરી,
જ્યાં પાપ જીવનનું થતું સત્કાર્યથી આદર કરી;
સત્કાર્યની કિંમત નહિ એ શબ્દથી અંકાય છે,
આચારમાં મુકતાં સદા તેઃ જીવન બલ પંકાય છે.

૨

ચારિત્ર એજ ઉદાત્ત ગુણ શકિત ખરેખર એજ છે,
ચારિત્ર એજ ખરેખરી જીવન તણી ચાવીજ છે;
ચારિત્ર એજ મનુષ્યના અણમૂલ રત્ન તણી પ્રભા,
વાણી તણું બળ ના કરે ચારિત્ર કરતું સર્વદા.

શા. ફતેહચંદ ઝવેરભાઇ.

# શુદ્ધ વિચાર અને ( સદ્ ) વર્તન.

મનુષ્ય જીંદગીએ અમુક ટેવનીજ બનેલી હોય છે, જેમાં કેટલીક એક લાભા-લાભકારક હોય છે. આ ટેવો કલ્પના ( વિચાર ) માંથી જન્મ પામી તેને આધિન બને છે. શુદ્ધાશુદ્ધ વિચારથીજ મનુષત્વ કે પશુત્વ પ્રાપ્ત થાય છે. ડાહ્યા અને મૂર્ખ એમ બે પ્રકારના મનુષ્યો જે કહેવાય છે તેમાં તફાવતજ એ છે કે, સમજુ મનુષ્ય પોતાના વિચાર પોતાના કબજામાં રાખી શકે છે જ્યારે અણસમજુ મનુષ્ય તેને આધિન થાય છે, તેટલુંજ નહીં પરંતુ ડાહ્યો મનુષ્ય કોઇપણ વખતે પોતાના શુદ્ધ વિચારની બાહેર કોઇપણ સંજોગની અસરથી વિરૂદ્ધ જતો નથી, ગમે તેવા લાલચના (કીર્તિ, પૈસા, બહાદુરપણાનું અભિમાન કે વાચાલપણું, ક્રોધ, કે ઇર્ષાના) કોઈપણ પ્રસંગો તેની શ્રદ્ધા ફેરવી શકતા નથી. જોકે અત્યારે ડાહ્યા કહેવાતા મનુષ્યોના ચલિત તેવા પ્રસંગો જોઇએ છીએ, પછવાડે કાંઈ, મોઢે બીજું, પોતે અમુક સંયોગમાં કે મોટાઇના વાતાવરણમાં મુકાય ત્યારે ત્રીજું. તેમ તો તેવા પુરૂષોની સ્થિતિ હોતીજ નથી. તેવા શુદ્ધ વિચાર વર્તનવાળા મનુષ્યને ક્રોધ હોય તો અલ્પ અને ઇર્ષાને તો હ્રદયમાં સ્થાન હોતું નથી, બીજાની ઉપર ઇર્ષા, ક્રોધ કે સ્વાર્થ માટે વેર લેવાનો તેમના હ્રદયમાં ઇચ્છા થતી નથી. અથવા પોતાને મોટા થવાને માટે બીજાને સમ-જાવી લેવાની યુક્તિ પ્રયુક્તિ તેનામાં હોતીજ નથી, પરંતુ પોતાનું હિત અને પરનું હિત (સેવા) કરવામાંજ તેની પ્રવૃત્તિ વધતીજ જતી હોય છે તેનું નામ મહાન પુરૂષો શુદ્ધ વિચાર અને સદ્વર્તન કહે છે. મૂર્ખ મનુષ્ય તો તેવા અનેક સંજોગને વશ થઇ અયોગ્ય કલ્પનાથી દોરાએજ જાય છે.

અશુદ્ધ વિચારના કર્તવ્યથી નિરાશા અને દુઃખ છેવટે પ્રાપ્ત થાય છે, અને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અનેક તેવા કર્તવ્યથી કરવામાં આવેલ પરમાત્મા પૂજા, ગુરૂભક્તિ, દાન વગેરે પુણ્યધર્મ કૃત્યો વિગેરે ક્રિયાઓથી તે કાર્યો ધોવાતા નથી; તેવા અશુદ્ધ અને અયોગ્ય વિચારોથી જન્મ પામેલ દુઃખોને દૂર કરવા શુદ્ધ વિચાર અને શુદ્ધ વર્તન તરફ વળવું તેજ છે. ઝેરની સામે તેને મારનાર ઝેરજ હોવું જ જોઇએ. તેટલા માટે જિનેશ્વર ભગવાન (આપ્ત પુરૂષો) નું કથન છે અને આધુનિક મહાત્મા મનુ જેવા પણ કહે છે કે સત્યથી પવિત્ર થએલી વાણી બોલવી અને અંતરાત્મા દોરે તેમ વર્તવું. આનું નામજ શુદ્ધ વિચાર પૂર્વક સદ્દવર્તન.

દરેક મનુષ્યે પોતાના વિચારો કોઇપણ સિદ્ધાંતને વળગીને બરાબર સમજીનેજ કરવા જોઇએ. ધ્યેય કે સિદ્ધાંત પકડ્યા વગર અને સમજ્યા વગર કોઇપણ કાર્યની સિદ્ધિ થતી નથી. મોક્ષ સાધવાનું ધ્યેય નક્કી કરી કરવામાં આવતા તપ, ધ્યાન, ભક્તિ વગેરે ફલીભૂત થાય છે. કોઈપણ મંત્ર સાધવા માટે પણ તેની સમજ પૂર્વક વિધિ અને તે શેનો છે તેધ્યેયને વળગે તોજ તે સાધ્ય થઇ શકે છે. સદ્દવર્તનશાળી પુરૂષોનો કોઇપણ ધ્યેય કદાચ પોતાના સામાન્ય સ્વાર્થની ખાતર હોય તો પણ તેમાં કીર્તિ કે વાહવાહ કહેવરાવવા વગેરે જેવી ક્ષુદ્ર લાલસા હોતી નથી તેમ તે બીજાને કોઇપણ પ્રકારે નુકશાન કરનારી હોતી નથી.

દષ્ટાંત તરીકે મનુષ્યે માયાળુ થવું જોઇએ, તેટલા પુરતું બસ નથી તેને માટે વિચારવું જોઇએ કે શું કામ માયાળું થવું? પોતાનો સ્વાર્થ—લાભ કે દુનીયાને બતાવવા એક વખત ઘડીકમાં માયાળુ થવું અને ઘડીકમાં બીજી વખત પોતાના સ્વાર્થ ભંગ થતો હોય અને તેવા કોઇ માનસિક કે કાયીક અને આર્થીક લાભો વિગેરેના ઉલટાસુલટા પ્રસંગો આવે ત્યારે તેજ મનુષ્ય ઉપર નિર્દય થવું તેને નુકશાન કરવું, બે આબરૂ કરવાના તેને અપયશી કરવા માટે તેની ધૂળ ઉડાવવા વર્તન ચલાવવું કે તેના લાભોની વચમાં આવવું એમ તો સદ્દવર્તનશાળી મનુષ્યોનું વર્તન કે ટેવ હોતીજ નથી. ગમે તે સંજોગોમાં ખરાબ પરિણામ આવે તો તેવા મનુષ્યો સદ્દગુણોને તજતાજ નથી. જેથી તેવી ટેવ પડતાં જીંદગીમાં કોઇ પણ દુઃખના પ્રસંગો તેને આવશેજ નહીં.

દરેક મનુષ્યે સારા નરસા વિચાર ઓળખતાં શીખવું જોઇએ. પોતાની સમજ કેટલી છે તે પણ તેણે જાણતાં શીખવું જોઇએ. સાચા અભિપ્રાય—સાચી હકીકતને વળગી રહેવાની ટેવ પાડવી જોઇએ. પોતાના વિચારોનું બારીકીથી અવલોકન અને સંશોધન કરતાં શીખવું જોઇએ. સદ્દગુણોને બરાબર સમજી પછી તેને વળગી રહેનાર મનુષ્ય દુનીયામાં ડાહ્યો ગણાય છે. માત્ર મોઢેથી સદ્દગુણોના ભાષણો કરવા કે ઉપદેશો આપવા કે બણગાં ફુકવા અને તેની વિરૂદ્ધ વર્તન રાખનાર મનુષ્યની જન સમાજ કાંઇ કિંમત જેમ કરતો નથી તેમ તેની અસર પણ કંઇ થતી નથી, સાથે તે મનુષ્યની પ્રતિષ્ઠા પણ જળવાતી નથી.

શુદ્ધ વિચાર અને વર્તનવાળો હમેશાં નિર્ભય રહે છે તેટલુંજ નહીં પરંતુ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કોઇ પણ તેને નુકશાન કરે છે કે કરશે તેવો વિચાર પણ આવતો નથી. તે બરાબર સમજે છે કે પોતાની ભૂલ થયા વગર કંઇ પણ નુકશાન કોઇ કરી શકતુંજ નથી, જેથી તેનું હિત–કલ્યાણ વગેરે પોતાનાજ હાથમાં હોઇ તેના પોતાના સુખ આનંદ વગેરેને કોઇ ધક્કો લગાડી શકતું નથી અને તેથી બીજા પ્રત્વે તિરસ્કાર પણ આવતો નથી, જેથી તેના હૃદયની સાચી શક્તિ, શાંતિ અને આનંદમાં કોઈ ખલલ પહોંચાડવા સમર્થ ન હોવાથી વૃદ્ધિ પામે જાય છે તેથી વિરૂદ્ધ અશુદ્ધ વિચાર–વર્તનવાળા મનુષ્યો બ્હીકણ હોવાથી પોતાથી નુકશાન પોતાને થતાં નકામા બીજાને નુકશાન કરનાર માને છે, તેના ઉપર તિરસ્કાર કરે છે, અને ઘડીભરની તેની દેખાતી શકિત, શાંતિ અને આનંદને જ્યારે ખલેલ પહોંચે છે, ઓછા થાય છે ત્યારે પોતાની ભૂલનો અશુદ્ધ વિચાર વર્તનનો વિચાર નહીં કરતાં પોતાને ઉત્પન્ન થયેલ ખેદ, ધિક્કાર, ક્રોધ, ઈર્ષાથી બીજાને ગમે તે રીતે નુકશાન કરે છે.

શુદ્ધ વિચાર વર્તનવાળો મનુષ્ય જગત્‌ને ન્યાયથી રચાયેલું જુએ છે અને ન્યાય પરજ તેનું અસ્તિત્વ માને છે. કારણ કે શુભાશુભ કર્મનો કાયદો અને કર્મના ફળો તે બરાબર સમજે છે. તેથીજ સૌ પ્રત્યે સમભાવ રાખે છે. અને કોઇ પણ શાંતિ કે અશાંતિ, લાભ કે નુકશાન, જશ કે અપજશ, સુખ કે દુઃખના કોઇ પણ પ્રસંગે બીજાનું કોઇ પણ પ્રકારનું અહિત કરતો નથી અને કરવાના વિચારને સ્થાન પણ હૃદયમાં આપતો નથી. માણસ ગમે તેવો વિદ્વાન હોય, બહુ શ્રુત હોય, ધર્મ, કર્મ, વ્યવહારનું જ્ઞાન હોય પણ જો શુદ્ધ વિચાર કે વર્તનવાળો ન હોય તો ડાહ્યો કહેવાતો નથી. થઇ શકતો નથી. માત્ર ભણ્યાથી અજ્ઞાન જતું નથી, પાપ અને દિલગીરી અને અશાંતિ દૂર થતા નથી, પરંતુ વિદ્યા મેળવ્યા પછી તેને પોતાના વિચાર અને વર્તનમાં જો ઓતપ્રોત બરોબર કરી શકયો હોય તોજ તે સદ્‌ગુણશાલી બને છે. તેથીજ મહાન પુરૂષો કહે છે કે જે શિખ્યા તે આપણું નથી પણ જે આચરણમાં મૂકી પોતાને કે પરને લાભદાયી બનાવે તેજ આપણું છે અને ખરો ભણેલો-જ્ઞાનવાન પણ તેજ કહેવાઇ શકે.

સદ્‌વર્તનશાળી મનુષ્યને નુકશાન પહોંચી શકતું નથી તેને મુંઝવી શકાતો નથી. તેના શુદ્ધ વિચાર કે સદ્‌ગુણ છોડાવી શકાતો નથી, તે અજીત છે, અને તેજ મનુષ્ય સુખ-શાંતિમય જીંદગી ગાળી શકે છે.

સદ્‌વર્તન ન્યાય અને સત્ય જગત્‌ રૂપી મહેલનો સ્તંભ છે અને તેથીજ ધર્મ રૂપી વિશ્વ ટકી રહેલ છે. માટે જે મનુષ્ય સુખ અને શાંતિવાળી જીંદગી ગાળવા ઈચ્છતો હોય તેમણે શુદ્ધ વિચાર આચાર, વર્તન, ન્યાય અને સત્યતાને પોતાની દરેક પ્રવૃતિમાં ( ચાલચલણુમાં ) દાખલ કરી તેમય થઈ જવું, જેથી દુઃખ માત્રનો નાશ થઇ સર્વ સુખમય બની જશે. પરમાત્માની કૃપાથી સર્વ સનુષ્ય સદ્‌વર્તનશાળી બનો એવીજ હૃદયપૂર્વક પ્રાર્થના કરી સમાસ કરૂં છું.

ગાંધી વલ્લભદાસ ત્રિભોવનદાસ ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# રાષ્ટ્રીયશાળાના અભ્યાસક્રમની રૂપરેખા.

(લી. અનસુખલાલ કિરતચંદ મહેતા—મોરબી.)

૪

આ લેખના પ્રારંભમાં આંકેલી અભ્યાસની રૂપરેખા સહજ ફેરફાર સાથે કન્યાઓ માટે પણ યોજી શકાય તેમ છે. છોકરાઓને ઉત્તમ ગૃહસ્થ થવા યોગ્ય કેળવણીની જરૂર છે, તેમ કન્યાઓને ઉત્તમ ગૃહિણી થવા યોગ્ય કેળવણીની જરૂર છે. બંનેની કેળવણીનું સાધ્ય એકજ છે, અને તે ઐહિક (આ ભવનું) અને આમુષ્મિક (પરભવનું) સ્વપરનું હિત કરવા, વધારવા રૂપ જન્મનું સાર્થક્ય, આ હિત સાધવા બંનેનાં સાધન કર્ત્તવ્યક્ષેત્ર જુદાં. મનુષ્યરૂપે બંનેનું સાધ્ય એક. જાતિ રૂપે (સ્ત્રી અને પુરૂષ) તે સાધ્ય સિદ્ધ કરતા બંનેનાં સાધન, કર્ત્તવ્ય પ્રદેશ ભિન્ન. એકનું (પુરૂષનું) સાધન ગ્રહસ્થ ધર્મ અને બીજાનું (સ્ત્રીનું) ગૃહિણી ધર્મ.

એ ધ્યાનમાં રાખી (સ્ત્રી અને પુરૂષ) બંને પોતપોતાની ધર્મ મર્યાદામાં રહે તો સાધ્ય સિદ્ધ થવામાં સરળતા છે. પોતાનાં કર્ત્તવ્યક્ષેત્રને ઉલંઘી એક બીજાનાં ક્ષેત્રમાં માથું મારે, તો તેટલે અંશે અસરળતા છે. આ કર્ત્તવ્યક્ષેત્ર લક્ષમાં રાખી ક્રમ યોજવાનો તેમજ અમલમાં આણવાનો છે. ગ્રહસ્થ અને ગૃહિણી ધર્મના ઉલ્લેખનું આ સ્થાન નથી; એ વિષય નિરાળો ચર્ચવા યોગ્ય છે. અત્રે તો બંનેના વિભિન્ન સાધન–ધર્મ લક્ષમાં રાખી કેળવણીનો ક્રમ યોજવાનો છે, એટલા પુરતું કહેવાનું છે.

ભાષા જ્ઞાન, ગણિત, ઇતિહાસ, ભૂગોળ, અર્થશાસ્ત્ર, અને ધર્મ શિક્ષણ બંને માટે મુખ્ય ભાગે એક સરખાં રાખી શકાશે. ગદીશું વિષયમાં ભરત–ગુંથણ, પાકશાસ્ત્ર (રસોઇ) બાળઉછેર, પરિચર્યા (માંદાની માવજત) એ છોકરીઓ માટે વિશેષ ક્રમ થશે.

ધર્મ શિક્ષણનો વિષય મૂળમુદ્દા રૂપે મૂળતત્વ રૂપેજ રાખેલ હોવાથી એમાં કોમીય, જાતીય કે સાંપ્રદાયિક ભેદનો અવકાશ નથી. કારણ કે એ મુળમુદ્દા મૂળતત્વ આત્મ ધર્મ, રાષ્ટ્રીય ધર્મ, નૈતિક ધર્મ, જીવન સાર્થક્યરૂપ ધર્મ એ છે. એટલે ચાહે તો જૈન હો, ચાહે તો હિંદુ હો, ચાહે તો બૌદ્ધ હો, મુસલમીન હો, પારસી હો, ખ્રિસ્તી હો. ગમે તે હો તે છોકરા કે છોકરીને અનુકુળ અને ઉપયોગી થવા યોગ્ય છે. જાતીય, કોમીય કે સાંપ્રદાયિક ધર્મ શિક્ષણ માટે ક્રિયા–કાંડ આદિનાં શિક્ષણ માટે વિદ્યાર્થીએ પોતાને ઘેર અથવા પોતાના સંપ્રદાયે કરેલ ગોઠવાઇનો લાભ લેવો યોગ્ય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઘણે સ્થળે પોતપોતાના સંપ્રદાય અર્થે, પોતપોતાની જ્ઞાતિ–કોમ અર્થે શિક્ષણ શાળાઓ, વસતી ગ્રહો વ્યવહારશિક્ષણ, તેમજ સાંપ્રયદાયિક ધર્મ શિક્ષણ માટે યોજાયેલ છે. આવાં વસતી ગ્રહો તથા આવી શાળાઓને રાષ્ટ્ર ધર્મને અનુસરી, સ્વદેશાભિમાનને અનુલક્ષી પહોંચી શકાય એટલી સંખ્યા માટે સાર્વજનિક કરવામાં આવે, તો રાષ્ટ્રીય ધર્મ જળવાવા રૂપ રાષ્ટ્રીય શાળાનો ઉદ્દેશ બર આવવામાં, ઐક્ય-સ્વદેશાભિમાન ખીલવા–વધવામાં મદદ રૂપ થાય એમ છે. કોમીય અભિમાનને ગૌણ કરી, સ્વરાષ્ટ્રાભિમાનને પ્રધાન કરવામાં, આવે તો આ વાત બને. તેવી સંસ્થાઓના ઉત્પાદકોને આ વાત સમજાય અને ગળે ઉતરે તો બને. સમયવિચારી, સમય ઓળખી મોહ ઉતારે તો બને.

ધર્મ શિક્ષણનો મૂળ મુદ્દો હૃદયબળ, નૈતિકબળ કેળવવાનો હોવો ઘટે. આ બન્ને બળ સારી રીતે કેળવાયાં હોય, તો પછી સાંપ્રદાયિક ધર્મ જ્ઞાન તેને પોષણ આપી વૃદ્ધિ પમાડે. હૃદય બળ, નૈતિક બળ ખીલ્યા ન હોય તો સાંપ્રદાયિક ધર્મ શિક્ષણ શુષ્ક, અને ગતાનુગતિક, વિવેકશૂન્ય થવા જાય. વર્તમાન પરિસ્થિતિ મોટે ભાગે આની ગવાહી આપે છે, માટે હૃદય બળ અને નૈતિક બળ ખીલવે એવું સર્વ સાધારણ મૂળ મુદ્દારૂપ ધર્મશિક્ષણ વ્યવહારૂ શિક્ષણ, મુંગું ( અધ્યાપકોનાં, વિદ્યાર્થીઓનાં ચારિત્રભાવના, શુદ્ધાંદોલનો માત્રથી સ્ફુરતું ) અને ઉપદેશરૂપ શિક્ષણશાળાઓમાં આપવામાં આવે તો કોમ–જાતિ–સંપ્રદાયના ભેદનો અવકાશ નહીં રહે. જુદી જુદી કોમના, જુદા જુદા સંપ્રદાયના, જુદી જુદી જ્ઞાતિના વિદ્યાર્થીઓ સમવયી વિદ્યાર્થીઓમાં સીધી અને આડકતરી રીતે પ્રેમ, ઐક્ય, ભ્રાતૃભાવ જાગવા ખીલવા ઉપરાંત, અરસ્પરસ વિચારના આપ–લેનું, અરસ્પરસ આચાર વિચાર જાણવાનું, એકની ત્રુટી બીજાની અધિકતાથી પુરવાનું આવી શાળાથી થઈ શકવા યોગ્ય છે. ત્યારે પોતપોતાની કોમની શાળાથી તેમાં તે એકજ કોમના વિદ્યાર્થીઓના લાભ માટે હોવાથી, તે વિદ્યાર્થીઓ ઉપર જણાવેલ લાભથી વંચિત રહે એ સ્વાભાવિક છે. વળી કોઈ કોમ કે સંપ્રદાયની શાળા સાંપ્રદાયિક ધર્મ શિક્ષણ ફરજીયાતની સરતે સાર્વજનિક હોય તો તે પણ ઇષ્ટ નથી, હિતાવહ નથી, તેથી કાંતો વિદ્યાર્થીને શું કરે અને ફરજ રૂપે તે સાંપ્રદાયિક ધર્મ શિક્ષણ લેવું પડે છે, અને ફરજ રૂપ હોવાથી કંટાળે છે, તે શિક્ષણ પ્રતિ તેને દ્વેષ આવે છે, અને સંપ્રદાયનો હેતુ સરતો નથી. અથવા તો વિદ્યાર્થીના કુમળા મગજમાં કોઇ ન ભૂંસાય એવી અનર્થ કારક છાપ બેસી જાય છે. આ બંનેના આપણે દાખલા ટાંકિયે ( ૧ ) **મુંબઈની વિલ્સન કોલેજ** આ સાર્વજનિક વિદ્યાલય છે, પણ તેમાં બાઇબલનો ફરજીઆત અભ્યાસ કરવાની, તેનું અમુક વખત શિક્ષણ લેવાની શરતે વિદ્યાર્થીને દાખલ કરે છે. બાઇબલનું શિક્ષણ ગમે તેવું સારૂં હોય તેમાંથી ગમે તેવો સારો બોધ મળે તેમ હોય, પણ ફરજીઆત હોઇ વિદ્યાર્થીઓ તેથી કંટાળે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે, તે પ્રતિ તેમને દ્વેષ આવે છે. અને એ ફરજીઆતપણું કાઢી નાંખવા લાંબા વખત થયાં પોકાર આપણે સાંભળીએ છીએ. સાર્વજનિક સંસ્થામાં આવા ફરજીઆત સાંપ્રદાયિક શિક્ષણથી સ્થાપકોએ ધારેલો સંપ્રદાય મોહ ફલિત થવાનો હેતુ સરતો નથી. જ્યાં કાંઇ પ્રેમ જાગવો જોઇએ, ત્યાં તેના બદલે અંદરખાનેથી કડવાશ ઉગે છે. એટલે આવી શાળાઓ સંપ્રદાય રૂપ નહોતાં, સર્વ સામાન્ય ધર્મ શિક્ષણ આપે એવા ઉદ્દેશપૂર્વક સાર્વજનિક હોવી જોઇએ. હવે બીજો દાખલો લઇએ. (૨) વિદ્યાર્થીના મનમાં–મગજમાં સાંપ્રદાયિક પણ સાર્વજનિક શાળામાં અનર્થકારક અસર પેશી જવા બાબત. આ દેશમાં ખ્રિસ્તી પાદરીઓનું આવાગમન શરૂ થયું, ત્યાર પછી તેમણે અંગ્રેજી શિક્ષણની શાળાઓ ખોલવા માંડી. તેમાં તેમણે સીધી આડકતરી રીતે ખ્રીસ્તી–ધર્મનું શિક્ષણ પણ આપવું શરૂ કર્યું. આ ધર્મનું મહત્વ બતાવવા બીજા ધર્મના છતા કે અછતા, મોટે ભાગે કલ્પિત છિદ્રો મોટી મોટી વાતો કરી વિદ્યાર્થીઓના કુમળા મગજમાં ઠસાવવા માંડ્યા. સ્વ. રાવસાહેબ મહીપતરામ નિલકંઠ આવી શાળામાંથી ઇંગ્રેજી શિક્ષણ પામેલામાંના એક હતા. પાદરીઓના શિક્ષણથી કુમળા મગજમાં હિંદુધર્મ, જૈનધર્મ આદિ પ્રતિ વિપરીત ભાવ ઠસેલો. આ અસરના પરિણામે વનરાજ ચાવડા આદિમાં જૈનોને એક દેશીય દૃષ્ટાંતથી ઉતારી પાડેલ. તેમના મનમાં એવો સંસ્કાર પણ પડી ગએલ કે હિંદુધર્મ, તેમાં પણ ખાસ જૈનધર્મે ભારતની દુર્દશા કરી છે. ભારતને નિર્માલ્ય બનાવ્યો છે. કોઈ સમર્થ જૈન તત્ત્વજ્ઞાનીનો તેમને પુખ્ત વયે ભેટો થયો. એ તત્ત્વજ્ઞાનીએ તેમને તાવીને પુછયું કે દેશની અધોગતિ, દેશ જનોનું નિર્માલ્યપણું કયા કયા ગુણોથી ? અને દેશની ઉન્નતિ અને દેશ જનોનું સબળપણું કયા કયા ગુણોથી પ્રગટે ? રાવ સાહેબે દેશહિતક અને દેશ હાનિકર, નિર્માલ્યકર, સબળતાકર ગુણોનો ઉલ્લેખ કર્યો. ત્યારે તે સમર્થ તત્ત્વજ્ઞે કહ્યું કે કહો તમે જેને દેશના હિતકર અને સબળતાના પોષણ ગુણો કહો છો તેનો જૈનધર્મ ઉપદેશ કરે છે, કે જે દેશને હાનિકર નિર્માલ્યના ગુણો કહો છો તેનો ઉપદેશ કરે છે ? રાવ સાહેબે કહ્યું કે દેશને હિતકર અને બળવાન્ કરે એવા ગુણો આદરવા–આચરવાનો ઉપદેશ કરે છે અને અહિતક નિર્માલ્ય કરનાર ગુણો ત્યાગવાનું કહે છે. એટલે ફરી તે તત્ત્વજ્ઞે કહ્યું:—તો પછી તમે જૈનધર્મથી દેશની અધોગતિ થઇ, ભારત વાસીઓ નિર્માલ્ય થયા એમ કેમ કહો છો ? ગમે તેમ તો એ રાવસાહેબ સરળ હતા અને પોતાની ભુલ કબુલ કરી કહી દીધું કે, અમને તો જૈનની એ ખબર નથી કે હિંદુધર્મના રહસ્યની એ ખબર નથી, અમને તો નાનપણમાં પાદરીઓની શાળામાં શીખતા ત્યાં મૂળથીજ હિંદુ–જૈનધર્મ વિરૂદ્ધ સંસ્કાર તેમનાં ( પાદરીઓનાં ) શિક્ષણથી પડેલા, તેનું આ ભુલ પરિણામ છે. આ દાખલાથી પણ સમજાશે કે સંપ્રદાયિકધર્મ શિક્ષણ આપનારી સાર્વજનિક શાળાથી લાભ ઓછો છે. માટે ધર્મનો, સર્વ સામાન્ય ધર્મનો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મૂળ મુદ્દો એક રાખી તે મુદ્દો સિદ્ધ થવા પુરતું સર્વમાન્ય શિક્ષણ આપવામાં આવે તો ભિન્નભિન્ન કોમની શાળાની જરૂર ન રહે. તે તે કોમ વાળાઓએ એ દષ્ટિ રાખી પોતે કરેલી શાળાઓ સંપ્રદાય-કોમના મોહ વિના સાર્વજનિક કરે તો હિતરૂપ છે. ઈતિશમ્ (અપૂર્ણ.)

# શ્રી મહાવીર પ્રભુ જન્મોત્સવ.

રાગ—( રમતી-ગમતી-હમુને સાહેલી..........સખી આજ અનોપમ દીવાલી. )

ફરતાં, ફરતાં, વીર સમરીયે,
વીરનું ધ્યાન સદા ધરીયે....રે, સખી આજ ઓચ્છવ વીરનો કરીયે.
ત્રીશલાઘેર જગનાયક જન્મ્યા,
ચૈતર તેરસ ઉજળીયે....રે. સખી આજ ઓચ્છવ૦
બાળપણે જેણે દેવ હરાવ્યો,
ક્રીડા કરી, ડરી, નહિ જરીયે....રે. સખી આજ ઓચ્છવ૦ ૧
ત્રીશે વર્ષે સંજમ વરીયા,
ધન્ય, તે દીનને ધન્ય ઘડીએ....રે. સખી આજ ઓચ્છવ૦
દીક્ષા લેઇ બહુ જનને તાર્યા,
એ ઉપદેશને આદરીયે....રે. સખી આજ ઓચ્છવ૦ ૨
સંગમ સુરના સહી ઉપસર્ગો,
પામ્યા કસોટી ખરેખરી એ....રે. સખી આજ ઓચ્છવ૦
કર્ણમાં ખીલા નાંખ્યા ગોવાળે,
તોપણ ક્રોધ નાવ્યો જરીએ....રે. સખી આજ ઓચ્છવ૦ ૩
ચંડકોશીક બુઝવી પ્રભુ બોલ્યા,
સમતાથી, શિવ શુખ વરીયે....રે. સખી આજ ઓચ્છવ૦
અતુલ બળી, એ વીર પ્રભુનું,
જીવન સાંભળી સુધરીયે....રે. સખી આજ ઓચ્છવ૦ ૪
વીર ગુણ ગાવો, વીરને ધ્યાવો,
વીર પસાયે, ભવ તરીયે....રે. સખી આજ ઓચ્છવ૦
દીવાળી દીન મોક્ષ જે પામ્યા,
એ વીરનો જય ઉચ્ચરીયે....રે. સખી આજ ઓચ્છવ૦ ૫

લી. મનસુખલાલ ડાયાભાઇ શાહ વઢવાણ કાંપ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# દૃઢ ઇચ્છા શકિત.

લેખક—વિઠ્ઠલદાસ મૂળચંદ શાહ.

" Where there is a will there is a way."

જ્યાં ઇચ્છા હોય છે ત્યાં માર્ગ થઇ શકે છે."

( ૯ )

ઘણે ભાગે જોવામાં આવે છે કે જ્યારે કોઇ મનુષ્ય અમુક કાર્ય નથી કરી શકતો ત્યારે તેનું કારણ પૂછતાં એ ઉત્તર મળે છે કે "ભાઇ, શું કરૂં ? એ કાર્યમાં મારૂં ચિત્ત નથી ચોંટતું." અર્થાત્ પોતાનાં એ કથનથી એ મનુષ્ય એટલું સાબીત કરી આપે છે કે અમુક કાર્ય કરવામાં ચિત્ત નહિ ચોંટવાથી—દૃઢ ઇચ્છા નહિ હોવાથી તે કાર્ય કદિ પણ પુરૂં થઇ શકતું નથી. તેમજ એ પણ ખરૂં જ છે કે જ્યાં સુધી કોઇ મનુષ્ય કાંઇ પણ કાર્ય સંપૂર્ણ ઇચ્છા પૂર્વક નથી કરતો ત્યાં સુધી તેની બધી શક્તિઓ તે કાર્યની સિદ્ધિને અર્થે કેંદ્રસ્થ થઇ શક્તિ નથી. એટલા માટે જીવન–સંગ્રામમાં કાર્ય–સિદ્ધિ ને અર્થે દૃઢ ઇચ્છા શક્તિની મહાન આવશ્યક્તા છે. તેથીજ કહેવામાં આવ્યું છે કે "જ્યાં ઇચ્છા હોય છે ત્યાં માર્ગ થઇ શકે છે" જે કાર્ય પહેલવહેલાં અસંભવિત જણાય છે તે પણ ઇચ્છા શક્તિના પ્રભાવથી સુખ–સાધ્ય થઇ જાય છે.

હા, સંસારમાં કેટલીક એવી બાબતો છે કે જે અમુક વ્યક્તિઓ દ્વારા સફળતા પૂર્વક થઇ શકે છે અથવા કોઇ કોઇ વખત તેની સિદ્ધિ પ્રકૃતિના નિયમોની અજ્ઞાનતાને લઇને અસંભવિત પણ બને છે. એવી બાબતોના વિષયમાં દૃઢ ઇચ્છા હોવા છતા પણ તે પૂર્ણ થઇ શક્તિ નથી. તેવે વખતે કેવળ એક પરમાત્માનોજ આશ્રય લેવો પડે છે. પરંતુ પ્રાયે કરીને સર્વ સાધારણ લોકોના સ્વભાવનું સૂક્ષ્મ અવલોકન કરવામાં આવે તો માલુમ પડશે કે પ્રત્યેક મનુષ્યનાં હૃદયમાં એવી એવી ઇચ્છાઓ ઉત્પન્ન થયાં કરે છે કે જે કાંઇને કાંઈ ઉદ્યોગ કરવાથીજ પૂર્ણ થઇ શકે. બલ્કે, આપણા હૃદયમાં જે ઇચ્છાઓ ઉત્પન્ન થાય છે, તે એ વાતમાં પૂર્ણસૂચન રૂપ છે કે પ્રયત્ન કરવાથી આપણે તે ઇચ્છાઓ સફળ કરી શકીશું. એમ કહેવામાં જરા પણ અતિશયોક્તિ નથી. પરંતુ સ્મરણમાં રાખો કે આપણી સઘળી ઇચ્છાઓ સફળ થતી નથી. તેથી દૃઢ ઇચ્છાની ઘણી જરૂર છે. સંપત્તિશાસ્ત્રમાં ઇચ્છાના બે વિભાગ કરવામાં આવ્યા છે. તેમાંથી એકને કાર્યક્ષમ ઇચ્છા કહેવામાંઆવે છે. જો ઇચ્છા કાર્યક્ષમ અથવા દૃઢ નથી હોતી તો આ જીવન–સંગ્રામમાં મનુષ્ય એક પણ વ્યવહારમાં સફલતા મેળવી શક્તો નથી. આપણા ઇચ્છા તંતુઓ વિઘ્ન–બાધાઓના એકજ ફટકે તુટી જશે. દૃઢ–ઇચ્છાશક્તિ તો એ છે કે જેના પ્રભાવથી આપણે આપણાં કલ્પિત કાર્યની સિદ્ધિને અર્થે આત્મ–સમર્પણ કરી દઇએ, કોઇ અડચણ વિઘ્ન કે બાધાની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પરવા ન કરીએ, કોઇ પણ કારણથી પાછા ન હઠીએ, પરંતુ આપણા ઇષ્ટકાર્યમાં તન, મન, ધનથી હમેશાં પ્રયત્નશીલ રહીએ.

ઇચ્છા શક્તિની દૃઢતા વડે મનુષ્ય અદ્‌ભુત કાર્ય કરી શકે છે. મહારાણા પ્રતાપસિંહની એવી દૃઢ ઇચ્છા હતી કે હું કોઇ પણ દશામાં મુસલમાનોની આધીનતા સ્વીકારીશ નહિ. એમની એવી ઇચ્છા નહોતી કે "જ્યાં સુધી બનશે ત્યાં સુધી હું મુસલમાનોની આધિનતા સ્વીકારીશ નહિ." બસ, એ પ્રકારની સ્પષ્ટ અને દૃઢ ઇચ્છાને લઇને તેમની પ્રતિજ્ઞા પુરી થઇ શકી. જો તેમની ઇચ્છામાં દૃઢતાને બદલે ચંચલતા હોત તો તેમના ઉપર જે અનેક વિપત્તિઓ તથા સંકટોનો પર્વત તુટી પડયો હતો તેનાથી તેઓ દબાઇ જાત. બીજું ઐતિહાસિક ઉદાહરણ લઇએ. તાનાજી માલસુરે નામનો શીવાજી મહારાજનો એક શુરવીર સરદાર હતો. તેણે સિંહગઢનો કિલ્લો સર કરી લેવાની પ્રતિજ્ઞા કરી હતી. પરંતુ તે જ્યારે ઘાયલ થઇ ગયો ત્યારે તેના સાથીઓનું મન ચંચળ થવા લાગ્યું. તેઓ જે સાધનના બલવડે કિલ્લા ઉપર ચઢી શકયા હતા તેનાથી નીચે ઉતરવાની ઇચ્છા કરવા લાગ્યા. તે સમયે તાનાજીના ભાઇ સૂર્યાજીએ તે લોકોમાં દૃઢ ઇચ્છાશક્તિ જાગૃત કરવા માટે તે સાધનાને તોડી નાંખ્યું. બસ, પછી શું બન્યું ? તે સઘળા લોકોએ દૃઢ ઇચ્છાં કરી કે કિલ્લાની નીચે કૂદીને આત્મહત્યા કરવા કરતાં શૂરતાથી લડીને રણભૂમિમાં પ્રાણત્યાગ કરવો એજ વધારે શ્રેયસ્કર છે. આવી દૃઢ ઇચ્છાને લઇને તે લોકોએ જે ઘોર સંગ્રામ કર્યો તે ખરેખર અપૂર્વ હતું: કિલ્લો હસ્તગત થયો અને તાનાજીની પ્રતિજ્ઞા સફલ થઇ. આ સંબંધમાં એક વિદ્યાર્થીના જીવનની વાત શિક્ષાપ્રદ છે. વિદ્યાલયમાં અભ્યાસ કરતી વેળાએજ તેણે પોતાનાં મનમાં એવી દૃઢ ઇચ્છા કરી લીધી કે "હું આ વિદ્યાલયનો પ્રીન્સીપાલ બનીશ." તેણે પોતાના ઓરડાની દીવાલ ઉપર "P" અક્ષર લખી રાખ્યો હતો અને હમેશાં પોતાની ઇચ્છાને તે દ્વારા જાગૃત રાખવાને પ્રયત્ન કરી રહ્યો હતો. તેના કોઇ પણ સહાધ્યાયી તેનો ભેદ જાણી શકયો નહિ. એટલા માટે સર્વ વિદ્યાર્થીઓ તેને "મીસ્ટર પી" કહીનેજ બોલાવતા હતા. જ્યારે તેનો વિદ્યાભ્યાસ પૂર્ણ થયો અને તેના અનેક ગુણોથી આકર્ષાઇને વિદ્યાલયના અધિકારીઓએ મીસ્ટર પીને પ્રીન્સીપાલની પદવી પર નિયુક્ત કર્યો ત્યારે તેણે વિદ્યાર્થીઓને કહ્યું કે "હવે મારા "પી" અક્ષરનો અર્થ તમારા સમજવામાં આવી ગયો હશે." પ્રબળ ઇચ્છાશક્તિ અને દૃઢ સંકલ્પનાં સામર્થ્યથી મનુષ્ય શું નથી કરી શકતો ? ઉક્ત વિદ્યાર્થીનાં જીવન ચરિત્રથી આપણને ઘણુંજ શીખવાનું મળે છે. એ વિદ્યાર્થી શરૂઆતથીજ નિર્ધન હતો. પરંતુ જ્યારે તેણે વિદ્યાલયના પ્રીન્સીપાલ બનવાનો નિશ્ચય કર્યો ત્યારે તેણે પોતાની ઇચ્છાને એવા વિચારથી હતાશ ન થવા દીધી કે "મારા કરતાં વધારે બુદ્ધિમાન અને શ્રીમાન વિદ્યાર્થીઓ આ વિદ્યાલયમાં અભ્યાસ કરી રહ્યા છે—હું તે લોકોની બરાબરી કેવી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રીતે કરી શકીશ અથવા હું તેઓની સાથે સ્પર્ધા કેવી રીતે કરીશ–જો કોઇ મહાનુભાવ મને સહાય નહિ કરે તો ઉચ્ચ પદવીની પ્રાપ્તિ મારે માટે અસંભવિત છે.” જો એવા વિચારો તેના મનમાં આવ્યા હોત–જો પરાજીત થવા પહેલાંજ તે હિમ્મત હારી ગયો હોત–તો કહેવું પડશે કે તેજ તેની સામર્થ્યહીનતા અને માનસિક ચંચળતા જણાઇ આવત. સ્મરણમાં રાખો કે એજ યશ અથવા અપયશની ચાવી છે. પહેલેથીજ તેણે પોતાનાં મનમાં નિશ્ચય કરી લીધો હતો કે મારી ઇચ્છાનુસાર મને પ્રીન્સીપાલની પદવી અવશ્ય મળશેજ, અને એ એક દૃઢ ઇચ્છાની સફળતા અર્થે તેણે પોતાનું સઘળું તનમન અર્પણ કરી દીધું હતું, તથા પોતાની એ ઇચ્છાને–મહત્વાકાંક્ષાને–પ્રતિજ્ઞાને સદૈવ જાગૃત રાખવા માટે તેણે પોતાનાં નેત્રો સમક્ષ “ પી ” અક્ષર લખી રાખ્યો હતો !

ઉદાહરણો માટે આપણે ઘણે દૂર જવાની આવશ્યકતા નથી. ચાલુ જમાનાનુંજ ઉહાહરણ લઇએ. વાંચકોને દક્ષિણ આફ્રિકાના સંયોગાન્ત દશ્યનું વિસ્મરણ નહિજ થયું હોય. કર્મવીર મહાત્મા ગાંધીજીની વિજય–પ્રાપ્તિનું કારણ શું છે ? જો તેમનામાં અન્યાયોચ્છેદન તથા સત્યાગ્રહની દૃઢ ઇચ્છા ન હોત તો શું પાણીમાં રહીને મગર સાથે વિરોધ કરવા છતાં વિજયી થઇ શકત ? પ્રબળ ઇચ્છાશક્તિનો પ્રભાવ ઓર વિલક્ષણજ છે.

કેટલાક મનુષ્યોનાં જીવન–સંગ્રામમાં જે નિષ્ફલતા જોવામાં આવે છે તેનાં અનેક કારણો છે. તેમનું પ્રધાનકારણ વિદ્યાર્થી અવસ્થામાં ઇચ્છા–સક્તિની નિર્બલતા છે. સેંકડો હજારો વ્યક્તિઓની અવનતિનું, પરાજયનું, અપકીર્તિ યાને અસફલતાનું મુખ્ય કારણ એ છે કે જ્યારે તેઓ વિદ્યાર્થી અવસ્થામાં હોય છે ત્યારે તેઓનાં મનમાં પોતાનાં જીવનના ઉદ્દેશ સંબંધી કોઈ પણ જાતનો નિશ્ચિત વિચાર નથી હોતો, તેમજ તેઓ કદી પણ એવા કોઇ નિશ્ચિત વિચારથી પ્રેરિત હોતા નથી કે અમારે અમારા જીવનમાં અમુક એક ઈચ્છા સફલ કરવાની છે. એ ઇચ્છાની સફલતા અર્થે આખા જીવનમાં જે ઘનઘોર સંગ્રામ કરવાનો હોય છે તેમાં વિજય–પ્રાપ્તિ થવીજ જોઇએ. જે પ્રકારનો અને જેટલો યશ પ્રાપ્ત કરવાનો હોય છે તે પ્રકારના અને તેટલા પરિશ્રમ કરવા માટે તેઓ તૈયાર રહેતા નથી. સદાચરણથી વર્તીને શિક્ષા–પ્રાપ્તિ માટે વર્ષો પર્યંત કઠિન અભ્યાસ અને મનોનિગ્રહ કરવામાંજ તેઓ અપ્રસન્ન રહ્યા કરે છે. ક્ષણિક અને તાત્કાલિત સુખોપભોગો તજીને, ભવિષ્યમાં શ્રેષ્ઠ કાર્યની સિદ્ધિ અર્થે, વર્તમાન સંકટો અને વિપત્તિઓ સહન કરી લેવાની તેઓને ઇચ્છા થતી નથી. તેઓનાં મનમાં એવી પણ ઇચ્છા નથી થતી કે અમે અમારા અવકાશનો ઉપયોગ આત્મ–શિક્ષા તેમજ આત્મોન્નતિ સાધવામાં કરીએ તથા અમારા વર્તમાન સામર્થ્યની ઉચિત વૃદ્ધિ કરીને ભાવી જીવન–સંગ્રામમાં સફલતા મેળવવાની સઘળી તૈયારીઓ કરી લઇએ. જ્યાં સંકલ્પ નથી હોતો,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઇચ્છા નથી હોતી, સંકલ્પબળ નથી હોતું તેમજ ઇચ્છા-શક્તિ નથી હોતી, જ્યાં કોઇ પણ પ્રકારનો પ્રયત્ન નથી હોતો, જ્યાં શારીરિક પરિશ્રમ કરવાનો તિરસ્કાર હોય છે. જ્યાં મનોનિગ્રહનો અભાવ હોય છે અને જ્યાં આત્મોન્નતિનો કોઇ સ્પષ્ટ ભાવ જાગૃત નથી હોતો ત્યાં એટલુંજ કહેવું જોઇએ કે તે નથી મનુષ્ય-જીવન અને નથી જીવન-સંગ્રામ તો પછી પ્રગતિ, ઉન્નતિ, સફલતા અને વિજય-પ્રાપ્તિની વાતો તો ઘણીજ દૂર રહે છે. એ સર્વની આશા રાખવી તે મૃગજલવત્ વ્યર્થ છે. સાત્વિક ઇચ્છાઓનો અભાવ-સાત્વિક કાર્યોનો અભાવ-કોઈપણ રીતે ક્ષમ્ય ગણી શકાતો નથી. ઇચ્છા નિર્બલ હોય તેથી શું ? પરંતુ આરંભમાં તેની આવશ્યક્તા તો છેજ. નિર્બલ ઇચ્છા-શક્તિનું લક્ષણ છે કે શરૂઆતમાં મનુષ્ય કોઇપણ કાર્ય ઘણુંજ મહાન ઉત્સાહ અને આવેશ સહિત કરવા લાગે છે, અને જો જરા મુશ્કેલીની આશંકા થાય છે તો તેનાં કાર્યસૂત્રનો ક્રમ એકદમ શિથિલ બની જાય છે. દૃઢ ઇચ્છા-શક્તિનું લક્ષણ છે કે કોઇ પણ કાર્યના હાનિ લાભનો વિચાર કરીને જ્યારે કોઇ મનુષ્ય તે કાર્ય કરવા લાગે છે ત્યારે તેની ઉપયોગિતા ઉપર ધ્યાન આપીને તેને પોતાનું પવિત્ર કર્તવ્ય સમજી તેનાથી કદિપણ પરાઙ્મુખ બનતો નથી, પરંતુ તેનાં સાધનમાં તે એટલો બધો તલ્લીન, તત્પર અને દૃઢચિત્ત બની જાય છે કે '**कार्यं साधयामि वा देहं पातयामि**' એજ તેનાં જીવન-સંગ્રામનો એકમાત્ર સિદ્ધાંત બની રહે છે. પરંતુ જેનામાં નથી હોતી નિર્બલ ઇચ્છા કે નથી હોતી સબલ ઇચ્છા, અર્થાત્ જેનામાં પોતાનાં જીવનના ઉદ્દેશ્ય સંબંધી સદિચ્છાજ નથી હોતી તેને માટે શું કહેવું ?

રાજર્ષિ ભર્તૃહરિજીએ ઉચિત કહ્યું છે કે:—

**प्रारभ्यते न खलु विघ्न भयेन नीचैः**
**प्रारभ्य विघ्नविहिता विरमन्ति मध्याः ।**
**विघ्नैः पुनः पुनरपि प्रतिहन्यमानाः**
**प्रारभ्य चोत्तमजना न परित्यजन्ति ॥**

જો જીવન-સંગ્રામમાં કંઇપણ સફલતા પ્રાપ્ત કરવાની ઇચ્છા હોય તો તે ઇચ્છાને દૃઢ કરવી જોઈએ; કેમકે જ્યાં ઇચ્છા હોય છે ત્યાં માર્ગ થાય છેજ. જ્યારે ઇચ્છા-શક્તિ દૃઢ થઇ જાય છે ત્યારે એકવાર આરંભેલું કાર્ય કદીપણ છુટી શકશે નહિ, ત્યારે પ્રતિકૂલ પરિસ્થિતિ અને વિઘ્ન-બાધાઓનો લેશપણ ભય રહેશે નહિ.

એ તો નિઃસંદેહ વાત છે કે સંસારના ઘણા ખરા સાચા કાર્યકર્તાઓને પ્રતિકૂળ પરિસ્થિતિમાં રહીને અને વિઘ્ન-બાધાઓની સામે થઇનેજ પોતાના ઉદ્દેશ હેતુ માટે માર્ગ સાફ કરવો પડયો છે. પરંતુ એ લોકો પોતાની નાની મોટી અસફલતાઓમાંથી કદિપણ હતાશ બન્યા હોતા નથી. તેઓએ પોતાની અસફલતાઓમાંથી,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જીવન–સંગ્રામની તૈયારી કરવા માટે, સદ્બોધ ગૃહણ કરી ખરાબમાંથી પણ સારૂં શોધીને પોતાના ઉદ્દેશની પૂર્ત્તિ કરી છે. જે મનુષ્ય કોઇ પણ કાર્ય પૂર્ણ કરવા માટે કૃત્રિમ પ્રયત્ન કરે છે તેની વાત તજી દઇએ. પરંતુ જેનામાં પોતાના કાર્ય સાધનની જન્મ–સિદ્ધ, સ્વાભાવિક તથા અસાધારણ દૈવી શક્તિ આવિર્ભૂત થયા કરે છે તેઓ પણ ઘણે ભાગે શરૂઆતમાં પોતાનાં કાર્યો સંતોષપ્રદ અને સમુચિત રીતે કરી શકતા નથી. કોઇ પણ કાર્યની સફલતા અર્થે દૃઢ ઇચ્છા–શક્તિ ઉપરાંત બીજા પણ કારણોની આવશ્યકતા રહેલ છે; જે કારણો ભગવદ્ ગીતાનાં નીચેના શ્લોકમાં ગણાવેલા છેઃ—

अधिष्ठानं तथा कर्ता करणं च पृथग्विधम् ।
विविधाश्च पृथक्चेष्टा दैवं चैवात्र पंचमम् ॥

અપૂર્ણ.

# સમયના પ્રવાહમાં.

જે ભારતવર્ષ એક કાળ સ્વાત્માવલંબી હતો, જેને ત્યાં અનેક ઉદ્યોગ હુન્નર હસ્તી ધરાવતા તેમાંથી બનતી ચીજો ઉપર તે અવલંબી રહ્યો હતો, ધર્મ, સમાજ, દેશ વિગેરેનું રક્ષણ જે પોતાની શારીરિક ઉચ્ચ શક્તિ વડે કરી શકતો હતો, તે દેશનો ઉદયકાળ નબળો થવાથી કહો કે આળસુપણાથી કહો, કે ગમે તે રીતે કહો પણ અત્યારે બીજે થતી વસ્તુઓ ઉપર, બીજાના શિક્ષણ ઉપર, પરની શક્તિ ઉપર આધાર રાખતો થવાથી તેની અવનતિ થઇ છે. હૃદયની નબળાઇ, અવિશ્વાસ, શંકા અને આળસુપણાને લઇને, તેમજ પરચક્રના સ્વાર્થપણાથી કે દેશ પર થયેલા આઘાત પ્રત્યાઘાતથી ઉદ્યોગ હુન્નરનો નાશ થયો. કુદરત વિરૂદ્ધ થવાથી, વારંવાર અનાવૃષ્ટિ થવાથી દુષ્કાળ ઉપરાઉપરી પડવાથી અનાજ, ઘાસચારાની તંગી પડવાથી દેશની દોલત ( પશુઓ ) નો મ્હોટા પ્રમાણમાં વિનાશ થતાં તેમજ સાથે ખેડુતોની દુર્દશા થતાં, નબળી–સ્થિતિ થતાં તેના ઉપર કેટલાક જુલમ થતાં, ઉત્તેજન નહિ મળવાથી ખેતી, પાક, ઓછો થતાં શારિરીક પુષ્ટીના ઘી, દુધ જેવા પદાર્થો ઓછા થતાં–મોંઘા મળતાં દેશના મનુષ્યોની શારીરિક તેમજ આર્થિક સંપત્તિને હાની પહોંચી, ઉપરા ઉપરી પ્લેગ વગેરે દુષ્ટ વ્યાધીઓ આવવાથી મનુષ્ય સંખ્યા પણ ઓછી થઇ એટલે અનેક કારણોથી દેશ પ્રજાની તંગીઓ વધી અને બીજાને ઓશીયાળો બનતાં પોતાના પગ ઉપર ઉભા રહેવાની શકિત–સાધનો ચાલ્યા ગયા, આવા સંજોગો ચાલતાં દરમ્યાન દેશનો ઉદ્ધાર કરનાર મહાન પુરૂષ ગાંધીજી બ્હાર આવ્યા.

દેશની દોલત દેશમાં રહે, દેશની મજુરી ઉપર નિર્વાહ કરનારી પ્રજાને સારી કમાઇ મળે, ભીખ માગતાં પણ પેટનું પુરૂં નહીં થનાર વર્ગોને પણ ધંધો કરી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પેટનું ગુજરાન વગરભીખ માંગે ચલાવી શકે, તેટલા માટે સ્વદેશી વસ્તુ પ્રચાર માટે અમોઘ પ્રયત્ન સેવાયો.

મહાત્માજીના અનુયાયીઓએ પણ તે પ્રયત્ન જારી રાખવા સતત્ પ્રયત્નો કર્યા જાય છે અને તેટલા ઉપરથી દૃષ્ટાંત તરીકે મુખ્ય સ્વદેશી પ્રચાર તરીકે હાથે રૂ કાંતી, હાથશાળાએ વણી, સ્વદેશી કાપડ ઉત્પન્ન કરી તે વાપરવા અને બીજી રીતે છેવટે તૈયાર સુતરથી એકલું હાથ વણાટની ખાદી બનાવી કે છેવટે અત્રેની મીલમાં બનતું કાપડ વાપરવાથી હીંદમાં મોટી દોલત પરદેશમાં ન જતાં અત્રે રહેશે, જે નાણાં પ્રકરણી ખાતું સમજનારા આર્થિક દૃષ્ટિએ જોઇ શકયા છે અને હિંદને લાભ પણ થતો દેખાય છે.

એક બાજુ આવી પ્રવૃત્તિ ચાલે છે અને દેશ-પ્રજા જો બરાબર આનો અમલ કરે તો પાંચ દશ વર્ષે અમુક આર્થિક લાભ હિંદને થયેજ જશે. હજી ધારવા પ્રમાણે તેવો સંપૂર્ણ લાભ ( દેશની દોલત દેશમાં રહેવા દેશની પ્રજાને મળવા ) જેટલા વખતમાં થશે, તેના કરતાં દેશના ઘણા વેપારોમાં સટ્ટો ( ઉપરથી દેખાતો વ્યાપાર પરિણામે નાશકારક ધંધો ) દાખલ થવાથી ડાહ્યા મનુષ્યો ટુંકી મુદતમાં દેશની પ્રજાની પાયમાલી-વિનાશ જલદી થશે એમ જોઇ ખેદ ધરાવે છે. લોકોક્તિ છે કે આગ, દુષ્કાળ વીગેરેથી થયેલો આર્થીક લાભ ( તેમાં નિર્ધ્વંશ પરિણામ હોવાથી ) અંતે રહેતો નથી. તેમ ઘણા ભાગે ગયા પાંચ વર્ષોમાં દરેક વ્યાપારમાં વસ્તુના અસાધારણ ભાવો વધવાથી દેશની પ્રજાએ પણ અસાધારણ નાણું મેળવ્યું હતું, તેટલુંજ નહિ પરંતુ કેટલીક વસ્તુઓ ઉપર કંટ્રોલ થવાથી તેમજ અસાધારણ મોંઘવારી થવાથી ગરીબોને અનાજ વગેરેનો ત્રાસ પણ પડ્યો હતો. સમજુ મનુષ્યો માને છે કે-લડાઇનો પૈસો પણ આવો ત્રાસનો પૈસો હોવાથી આગ, દુષ્કાળની કમાણી જેવો હોવાથી શી રીતે રહી શકે ! બારીક અવલોકન કરનારને તો જણાયું છે કે લડાઇના વખતમાં જેમની પાસે પૈસો થયેલ તે નાણાંથી વિલાસ, મોજશોખ, પુદ્ગલીક ધર્મની પુષ્ટી માટે પ્રથમ અમુક ખર્ચાણું, બીજી રીતે બજારના ભાવોની અવ્યવસ્થિત સ્થિતિ હુંડીઓ-ભાવ વીગેરેથી તેમજ દુનિયાની નજરે દેખાતો-( પરંતુ હાર્યો જુગારી બમણું રમે તેમ ) સટ્ટો વધતોજ રહેવાથી બજારની રૂખ સ્થિતિ હાથ ન રહેવાથી, તેમજ અસાધારણ ફેરફાર થવાથી, તેમજ સંતોષ વૃત્તિ નહિ હોવાથી અને પૈસાના મદમાં અંધ બનવાથી તેવું નાણું અત્યારે જવા બેઠું તેથી અનેક વ્યાપારીઓની પેઢી બંધ થવાના વ્યાપાર કરતાં બંધ થયા સાંભળીએ છીએ અને સવાર પડે કે ફલાણાની સ્થિતિ આમ છે વીગેરે ચોંકાવનારા સમાચારો, મળ્યેજ જાય છે. મતલબ કે વ્યાપાર એ વ્યાપારના સ્થાનને બદલે ઘણે ભાગે સટ્ટાનું સ્થાન થઇ પડેલ છે અને સાંભળવા પ્રમાણે દરેક વેપારે સટ્ટાનું સ્થાન લીધું છે. અનેક મનુષ્યો શ્રીમંત, સાધારણ, ગરીબ, કારીગર, મજુર વીગેરે તેમાં દાખલ થયેલ હોવાથી આર્થિક સ્થિતિને હાની પહોંચવા લાગી છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એક બાજુ મહાત્મા ગાંધીજી જેવા દેશની દોલત દેશમાં રહેવા માટે સ્વદેશી વસ્તુ પ્રચાર કરાવી અથાગ પ્રયત્ન સેવે છે, ત્યારે બીજી બાજુ સટ્ટામાં લોકો પાયમાલ થતા જાય છે. વળી તે સાથે આવા સટ્ટાના ધંધાને માટે પ્રસંગવશાત્ હાલમાં થયેલા એક જાહેર મેલાવડા કે અરસપરસ ચર્ચામાં, સમાજ કે પ્રજામાં સમજુ કહેવાતા મનુષ્યો કીર્તિની ખાતર કે સારૂં લગાડવાની ખાતર કે કોઇ સાર્વજનીક ખાતાને થતા લાભ ખાતર આવા સટ્ટાનો ધંધો કે જે પ્રજાની દોલતને ખરેખર નાશ કરનારજ ધંધો છે તે સટ્ટો નથી પરંતુ વેપાર છે અને તે માટે તેઓ જાહેર ચેલેંજો આપે તે વાત સત્ય હોય તો ભારત વર્ષનું ખરેખર દુર્ભાગ્ય છે. આવું સાંભળી સમજુ મનુષ્યોને ખેદ થાય તે સંભવીત છે. તે ગમે તે હો, પરંતુ તેવો સટ્ટા રૂપી વેપાર કરનાર કે નહિં કરનાર કે તટસ્થ વૃત્તિએ તેને જોનાર સઘળા મનુષ્યો તેથી મનુષ્યની કે દેશની દુર્દશા થાય છે એમ તો શાંતચિત્તે વિચાર કરે તો સૌને જણાય તેમ છે. જે દેશમાં વ્યાપાર–વ્યાપારની ચીજો, હુન્નર ઉદ્યોગની દિવસાનુદિવસ વૃદ્ધિ ન થતાં જો તે ઘટે તો, તે દેશના રાજા પ્રજાને આર્થીક જેમ હાની છે તેમ તેને બદલે સટ્ટો, જુગાર, ખાનપાન, એશઆરામ, મોજશોખ વિલાસનાં સાધનો–દુકાનો વ્યાપારો વધે તો તે દેશ શહેર કે પ્રજાની અંતે પાયમાલીજ છે.

હિંદુસ્તાનમાં ખેતી ઘટી જેથી રૂ, અનાજ, ઘાસચારો ઓછું પાકવા લાગ્યું. ઢોરોનો વિનાશ થયો તેથી દુધ, ઘી જેવા પદાર્થોની તંગી થતાં મોંઘવારી થઇ. ઉદ્યોગ હુન્નરનો તો ઘણા વખતથી નાશ થતો ચાલ્યો આવે છે એટલે ઘણી બાબતોમાં પારકા ઉપર આધાર રાખવો પડે છે. જેથી બને તેટલું આ દેશમાં ખેતી, હુન્નર, ઉદ્યોગની વૃદ્ધિ કરી, આ દેશમાં વસ્તુ ઉત્પન્ન કરી તે વાપરવામાંજ દેશની પ્રજાનું કલ્યાણ છે. આવા સંયોગો જ્યાં છે અને તે માટેના જ્યાં અનેક દેશદાઝ ધરાવનાર પુરૂષો પ્રયત્ન સેવી રહ્યા છે, તેને તન મન ધનથી ત્યાં મદદ આપવાની હિંદની પ્રજાને જરૂર છે, તેમાં દ્રવ્યની તો ખાસ જરૂર છે. ત્યાં દરેક વેપારમાં સટ્ટો ઘુશી જતાં અને તેથી પ્રજાની આર્થીક પાયમાલી થતી હોવાથી પ્રજાને જે હાની થતી રહી છે. સ્વદેશી વસ્તુ પ્રચાર કે હુન્નર ઉદ્યોગ કે ખેતીની વૃદ્ધિ જેવાં કાર્યો જે આગળને આગળ વધારે પ્રમાણમાં ચલાવવામાંજ આ દેશની ઉન્નતિ અને તેને આર્થિક લાભ છે તેને જે આર્થિક સહાય ( દ્રવ્યની મદદ ) ની જરૂરીયાત છે તે રીતે સટ્ટાથી, નાણાંથી થતી બદબાદીથી ઘટી જશે અને દેશને દેશની પ્રજાની અત્યારે છે તે કરતાં વધારે અવનતિ થશે. માટે દેશમાં જ્યાં જ્યાં વેપારનું સ્વરૂપ સટ્ટાએ લીધેલું હોય તેને વ્યારના રૂપમાં ફેરવી પ્રજાએ તેવા હરામના નાણાં પેદા કરવાનો લોભ છોડી દેશના ઉદયરૂપ સ્દેશી વસ્તુપ્રચાર, નવા નવા હુન્નરઉદ્યોગ અને ખેતીની વૃદ્ધિ માટે તનમન સાથે પોતાની લક્ષ્મી અને કમાઈનો લાભ દેશ ઉદય માટે આપવાનો છે. પરમાત્મા સર્વેને તેવી બુદ્ધિ આપો તેમ પ્રાર્થના કરૂં છું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

"તૈયાર છે. જલદી મંગાવો."

## ઘણીજ થોડી નકલો સિલિકે છે.

( પ્રવર્ત્તકજી શ્રી કાન્તિવિજયજી જૈન ઐતિહાસિક ગ્રંથમાળા પુષ્પ છઠ્ઠું )

# પ્રાચીન જૈન લેખ સંગ્રહ.

## ( ભાગ ૨ જો. )

## સંપાદક મુનિ જિનવિજયજી

જૈનધર્મની ઐતિહાસિક દૃષ્ટિએ પ્રાચીનતા, ગૌરવતા, પ્રભાવશાલીતા, જણાવનાર કોઈ સાહિત્ય હોય તો પ્રથમ જૈન પ્રાચીન લેખો છે, કે જેનો એક આ અમૂલ્ય સંગ્રહ છે.

ઈતિહાસ અને સાહિત્ય પ્રેમી અને તેના સંશોધક અને સંગ્રાહક પૂજ્ય પ્રવર્તકજી મહારાજશ્રી કાન્તિવિજયજી મહારાજના સુપ્રયત્નના ફળરૂપ આ એક અપૂર્વ સંકળનારૂપ ગ્રંથ છે.

કોઈપણ ધર્મની પ્રાચીનતા જાણવા–જણાવવા માટે તામ્રલેખો શિલાલેખો; પ્રતિમા–મૂર્ત્તિ ઉપરના લેખો તે સત્ય પુરાવારૂપ છે અને તેથીજ આ "પ્રાચીન જૈન લેખ સંગ્રહ ગ્રંથ" જૈન અને જૈનતર વિદ્વાનો, સાહિત્ય રસિકો, ઈતિહાસના પ્રેમીઓ માટે ઉપયોગી હોઈ પ્રકટ થયા પહેલાં ઘણી કોપીઓની માંગણીઓ થઈ ચુકી છે.

ઉક્ત ઐતિહાસિક ગ્રંથમાળાનું આ છઠ્ઠું પુસ્તક છે, તેનું ચોથું પુષ્પ જે કે પ્રથમ ભાગ તરીકે ગણવામાં આવે છે અને જેમાં હાથી ગુફાવાળો ખારવેલ સંબંધી લેખો આપવામાં આવેલ છે, તેની તરતજ જૈન અને જૈનેતરમાં માંગણી થવાથી માત્ર જુજ નકલ શિલિક રહી છે; આ લેખસંગ્રહ બીજો ભાગ છતાં તેનો સં-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

બંધ નથી, પરંતુ આ ગ્રંથમાં શિલાલેખો અને પાષાણ પ્રતિમા ઉપરના લેખોનોજ સંગ્રહ છે. આવા લેખ સંગ્રહમાં રાજકીય, સામાજીક, ધાર્મિક આદિ અનેક મહત્વની બાબતો અને અનેક વિવિધતાઓનો ઉલ્લેખ કરાયેલ હોવાથી જૈનદર્શન એકલાનાજ નહીં પરંતુ તે તે કાળના સાર્વજનિક ઇતિહાસ માટે તે ઘણું કિંમતિ થઇ પડેલ છે.

આ સંગ્રહમાં એકંદર ૫૫૭ લેખો છે. કયા લેખો કયાંથી મળ્યા અગર લેવામાં આવ્યા, તેની સુચના તે તે લેખના અવલોકનમાં આપવામાં આવેલ છે. શત્રુંજય, ગિરનાર ઉપરના લેખો જેમ આ સંગ્રહમાં લેવાયેલ છે, તેમ શ્રી આબુજી ઉપરના લગભગ બધા લેખો ( ૨૦૭ ) જે કે ઘણા ભાગે પહેલ વહેલા આમાં પ્રકટ થાય છે. વળી આરાસણ ( કુંભારીયા ) ના લેખો પણ જે પહેલી વખતજ આ ગ્રંથમાં આવે છે, જે તમામ વાંચવા તથા જાણવા જેવા છે.

આ સંગ્રહમાં જુનામાં જુનો લેખ નંબર ૩૧૮ નો હસ્તીકુંડીનો છે, જે વિક્રમ સંવત ૯૯૬ ની શાલનો અને નવો લેખ ૧૯૦૩ ની શાલનો એટલે સમયની દૃષ્ટિએ વિક્રમની દશમી સદીથી વીશમી સદી સુધી એટલે કે એક હજાર વર્ષના લેખોનો આ ગ્રંથમાં સંગ્રહ છે. આ ગ્રંથની વસ્તુ સંકળના કરનાર સાહિત્યરસિક ઇતિહાસ પ્રેમી મુનિરાજ શ્રી જિનવિજયજી છે, કે જેમણે સાથે પ્રસ્તાવના લખી ટુંકમાં સારૂં અજવાળું પાડેલ છે. ટુંકામાં આ ગ્રંથ ઇતિહાસની દૃષ્ટિએ એટલો બધો પ્રિય થઇ પડેલ છે કે, જૈનેતર વિદ્વાનોની આ ગ્રંથ છપાતા એટલી બધી માંગણી આવી ગઇ છે કે હવે પછી તેની શિલિકે કોપી ઘણીજ થોડી છે, જેથી સાહિત્ય અને ઇતિહાસના પ્રેમીયો, જૈનધર્મની પ્રાચિનતા, ગૌરવતા જાણવાના જીજ્ઞાસુઓ જલદી મંગાવી લેશે.

સદરહુ ગ્રંથ ઉંચા કાગળો ઉપર સુંદર શાસ્ત્રી ટાઇપથી છપાવી સુશોભિત બાઇડીંગથી અલંકૃત કરવામાં આવેલ છે. શુમારે આઠશેહ પાનાનો પંચાણું ફારસનો મોટો ગ્રંથ છતાં માત્ર રૂા. ૩–૮–૦ સાડાત્રણ રૂપૈયા કિંમત રાખવામાં આવેલ છે. પોસ્ટેજ જુદું.

મળવાનું ઠેકાણું:—

**શ્રી જૈન આત્માનંદ સભા.**

**ભાવનગર.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વર્તમાન સમાચાર અને ગ્રંથાવલોકન.

## પંજાબમાં મહાવિદ્યાલય અને સ્વદેશી પ્રચાર.

પૂજ્ય મુનિ મહારાજશ્રી વલ્લભવિજયજી મહારાજ આદિ ઠા. ૧૩ મુનિ અને ૬ સાધ્વીના સમુદાયે પંજાબમાં પ્રવેશ કરતાંજ શાસન સંકલનાની ભારે જાગૃતિ આવી છે. સર્વ સમુદાયે ફાગણ શુદિ ૫ શુક્રવાર તા. ૩-૩-૨૨ ના રોજે હોશિઆરપુર (પંજાબ)માં ઘણી ધામધુમથી પ્રવેશ કર્યો. ત્યારે પંજાબના લગભગ સાઠથી વધારે ગામોનો શ્રી સંઘ લગભગ ૨ થી ત્રણ હજાર માણસોનો સમુહ હાજર હતો. જે વૃદ્ધથી બાળક પર્યંત સ્ત્રી અને મરદ ખાદીના સાદા પોષાકમાં સજેલો હતો. વ્યાખ્યાનમાં કેળવણીનો મુખ્ય વિષય હતો જેનો એટલો તો સારો પ્રભાવ પડ્યો કે એકદમ અઢી લાખરૂપૈયાનું ફંડ થઇ ગયું. ને તુર્ત 'શ્રી આત્માનંદ જૈન મહાવિદ્યાલય પંજાબ' ખોલવાને નક્કી કર્યું. થોડા સમયમાંજ કમીટી કાયમ કરી સ્કીમ તૈયાર કરી કાર્યની શરૂઆત કરી દેવામાં આવશે. જે ફંડ થયું છે તે હાજર હતા તે[illegible] સરદારોનું થયું છે. બાકી ફંડની વૃદ્ધિને માટે પણ કમીટી કાયમ થયે દરેક દરેક શહેરમાં જઇ બાકી રહેલા ભાઇઓ પાસેથી ફંડ ભરાવવામાં આવશે.

એ શિવાય અપવિત્ર કેશર પૂજામાં નહીં વાપરવાનો ઠરાવ કરવામાં આવ્યો. પ્રભુ પૂજામાં હાથથી કાંતેલા સુતરનું હાથથી વણેલું ખાદીનું કાપડજ વાપરવું પણ મીલનું બનેલું કે ચરબીવાળું અપવિત્ર કાપડ પેહરી પ્રભુ પૂજા નહીં કરવી, અંગલૂહણાં પણ તેવાંજ પવિત્ર હોવાં જોઇએ. રેશમી વસ્ત્ર દેરાસરજીમાં નહીં લઇ જવાં દેરાસરજીમાં નૈવેદ્ય દેશી ખાંડનુંજ ધરાવવું. ઇત્યાદિ સ્તુત્ય ઠરાવ કરવામાં આવ્યા છે.

---

## પૂજ્ય મુનિવરોને વિહાર કરતાં રેલો-પુલો ઓળંગવા સારૂ પરવાના મળવા સંબંધી પત્ર વ્યવહાર.

(પ્રકાશક બંધુ નરોતમદાસ બી. શાહ મુંબઇ.)

આપણા પૂજ્ય મુનિરાજો મુંબઇ જેવા દુર સ્થળે કે જ્યાં કેટલેક સ્થળે જમીન માર્ગ નહી હોવાથી દરીયો કે મોટી નદી હોઇ જ્યાં તેની રેલવે પુલો ઓળંગવા સિવાય વિહાર થઇ શકેજ નહીં, અને તે ઓળંગવા માટે રેલવે કંપનીના મેનેજરો પાસેથી પરવાનો લેવાની જરૂર પડે છે, ત્યાં તેવી પરવાનગી મળે તે ખાસ જરૂરીયાત વાળું છે, તેમ કરવા માટે તેવી પરવાનગી મળવાની સરલતા થવા માટે બંધુ નરોતમદાસ બી. શાહે કેટલી ખંત પૂર્વક સમાજ સેવા બજાવી પ્રયત્ન કર્યો છે તે આ નાની બુક વાંચવાથી માલમ પડે છે. બંધુ નરોતમદાસે સહજ પ્રયાસ કરી મુનિમહારાજાઓના તેવા સ્થળોના વિહાર માટે કેવી સરલતા સગવડતા કરાવી આપી છે તે આપણી સમાજની જાણમાં લાવવા માટે ઓછું આનંદદાયક નથી. અમો તેવા પ્રયાસ માટે બંધુ નરોતમદાસને ધન્યવાદ આપીયે છીયે.

**શ્રી ગિરનાર મંડન શ્રી નેમનાથ પ્રભુની પૂજા**—આ બુક વડોદરા શ્રી હંસવિજયજી જૈન ફ્રી લાયબ્રેરી તરફથી અમોને ભેટ મળેલી છે. આ પૂજાના રચના પૂજ્ય શ્રીમાન હંસવિજયજી મહારાજે કરી છે. આકૃતિ નવીન અને શ્રી ગિરનારજી તીર્થની પૂજા તરીકે પ્રથમ છે. ભકિત ઉત્પન્ન કરે તેવી સુંદર રચના છે. વિધિ પણ સાથે આપેલ છે. ઉંચા આર્ટ પેપર ઉપર સુંદર ટાઇપથી છપાવવામાં આવેલ છે. ભકિતના ઇચ્છકોએ મંગાવવા જેવી છે.

કિંમત આઠ આના પ્રસિદ્ધ કર્તાને ત્યાંથી મળી શકશે.

---

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પ્રવૃત્તિની અપેક્ષા.

"શરીર અને મન બન્નેની સુખાકારી સારૂ પ્રવૃત્તિની અપેક્ષા છે. આપણા પ્રખ્યાત પ્રધાનવર ગ્લેડસ્ટન સાહેબ પાર્લામેંટમાં ભાષણ આપી આખા દેશના ભાગ્ય ઉપર પોતાના વિચાર ચલાવી, કલમના એક મરોડમાં કરોડોનાં નસીબ ઉંધાં કે ચતાં કરી, ઘેર જઇ શું કરે છે? પોતાના બાગમાં જઇ કુહાડો લઇને લાકડાં ચીરે છે! મનની પ્રવૃત્તિ સાથેજ તનને પણ કસે છે. તન મન ઉભય જો યથાર્થ રીતે પ્રવૃત્તિમાન્ ન હોય તો સડી જાય છે. પણ હવે એ ત્રણમાં આત્માને પણ ઉમેરો. તનમન અને આત્મા એ ત્રણે પ્રવૃત્તિમાન્ જોઇએ. તનની પ્રવૃત્તિ અંગના વ્યાયામમાં રહેલી છે, મનની પ્રવૃત્તિ વિચાર શકિતમાં રહેલી છે, આત્માની પ્રવૃત્તિ જ્ઞાનમાં રહેલી છે. જેનો આત્મા કેવલ હું અને મારૂં જોઇનેજ પ્રસન્ન રહે છે, તે આત્મઘાતી છે. જ્ઞાન એનું નામ કે જેમ પોતાનાં સુખદુઃખાદિથી પોતાને થાય છે, તેમજ સુખદુઃખાદિથી બીજાને પણ થશેજ, એમ સમજી પોતા જેવાંજ સર્વને માનવાં-પરમ પ્રેમ ભાવ પામવો, એવા પ્રેમરૂપ પ્રભુમાં આત્માની એકતા કરવી એજ આત્માની પ્રવૃત્તિ છે. તન મન અને આત્મા એ ત્રણેને પ્રવૃત્તિમાં રાખ્યાથી આરોગ્ય, શાન્તિ, અને મોક્ષ પમાય છે, પણ તે બધાં પ્રવૃત્તિવિના મળતાં નથી, તે પોતે પણ પ્રવૃત્તિ રૂપજ છે. અપ્રવૃત્તિરૂપ આલસ્ય તેસંન્યાસ કે મોક્ષ કે પરમ જ્ઞાન નથી. नहि कश्चित क्षणमपि जात तिष्ठत्यकर्मकृत क्ष्ण પણ કર્મ કર્યાવિના, પ્રવૃત્તિવિના, કોઇ રહી શકતુ નથી, તો જે તેમ રહેવા ધારે છે તે મિથ્યાચારી છે, ઢોંગી છે, આળસુ છે, સ્વાર્થી છે, ખરા અજ્ઞાની છે, શઠ છે. સુખમાત્રનું નિદાન, રહસ્ય, પ્રવૃત્તિજ છે. સંસારમાં, સંન્યાસમાં, મોક્ષમાં, બધામાં પ્રવૃત્તિ એજ રહસ્ય છે. એમ વિશ્વક્રમનોજ નિયમ છે. જ્ઞાન પણ પ્રવૃત્તિવિના પ્રાપ્ત થતું નથી. જો એકાએક અકસ્માતજ દાણા ઉગાડી દેવાય તો અકસ્માતજ અપ્રવૃત્તિથીજ, કેવલ આલસ્યરૂપ સંન્યાસથીજ, જ્ઞાન પણ પેદા કરી દેવાય. ઘણાક પરમજ્ઞાન જે મોક્ષ તે પરત્વે આવી ભુલ કરે છે, ને ઘણા માણસો સામાન્ય જ્ઞાન સંબંધે પણ એવીજ ભૂલમાં પડે છે. કેમ કરીને જ્ઞાનવાન્ થઇએ, કીર્તિ મેળવીએ એવી લાલસા સર્વ કોઇને થઇ આવે છે. જો કે કીર્તિ મેળવવા જ્ઞાન પામવું એ લાલસા ઘણી અધમ છે, ને તેવી લાલસાવાળાને ખરૂં જ્ઞાન કદાપિ પ્રાપ્ત થતું નથી. સરસ્વતી કોઇ દિવસ ડાકમાકને વરતી નથી; છતાં તે એવી પવિત્ર છે કે કેવલ ડાકની ઇચ્છાથી પણ જે તેનું નામ ધારણ કરે છે તેને થોડો ઘણો લાભ આપ્યા વિના રહેતી નથી. પણ એ સરસ્વતી પ્રસાદરૂપ જ્ઞાન એકાએક આવી જવાનું નથી. જોવાથી, વાંચવાથી, ઉગ્ર શ્રમ કરવાથી આવી શકે તેમ છે. એનું રહસ્ય પણ પ્રવૃત્તિજ છે. એકાદ બે ચોપડીઓ ઉપર ઉપરથી જોઇ લઇએ ને જ્ઞાની બની જઇએ એમ આળસમાત્રથીજ ફલની આશા રાખનારા ઠગાય છે, ને ખરા અજ્ઞાની નીવડે છે."

"ચારિત્ર"માંથી.

For Private And Personal Use Only